ॐ

''સર્વોત્કૃષ્ટ શુદ્ધિ ત્યાં સર્વોત્કૃષ્ટ સિદ્ધિ'' ... શ્રીમદ્ રાજચંદ્ર



# ગોરક્ષા પાત્ર

ગોરક્ષા + સત્યાગ્રહ + ભ્રષ્ટાચાર નિર્મૂલન આંદોલન = સંપૂર્ણ અહિંસક ક્રાંતિનું માસિક મુખપત્ર

અંક -૫૯ ૧ ડિસેમ્બર ૨૦૧૯ પાના-૧૬ વાર્ષિક લવાજમ -રૂ.૧૦૦/-

## રાજવાણી
## પત્રાંક ૧૩૮

**યોગ્યતા મેળવો.**
**એમ જ મળશે.** **- શ્રીમદ્ રાજચંદ્ર**

**નોંધ:** ''આ બે લીટીના પત્રમાં સમસ્ત આગમ, ગીતા, કુરાન, બાઈબલનો સાર છે. જ્ઞાનીની વાણીનું એ જ માહાત્મ્ય છે. મનન ચિંતનથી રહસ્ય સમજાય તો બેડો પાર પમાડી દે - એવી ચમત્કૃતિ આમાં છે.'' **- તંત્રી**

## ભયભંજન ભગવાન (પ્રાર્થના)

જળહળ જ્યોતિ સ્વરૂપ તું, કેવળ કૃપાનિધાન;
પ્રેમ પુનિત તુજ પ્રેરજે, ભયભંજન ભગવાન. ૩
નિત્ય નિરંજન નિત્ય છો, ગંજન ગંજ ગુમાન;
અભિવંદન અભિવંદના, ભયભંજન ભગવાન. ૪
ધર્મધરણ તારણતરણ, શરણ ચરણ સન્માન;
વિઘ્નહરણ પાવનકરણ, ભયભંજન ભગવાન. ૫
ભદ્રભરણ ભીતિહરણ, સુધાઝરણ શુભવાન;
ક્લેશહરણ ચિંતાચૂરણ, ભયભંજન ભગવાન. ૬
અવિનાશી અરિહંત તું, એક અખંડ અમાન;
અજર અમર અણજન્મ તું, ભયભંજન ભગવાન. ૭
આનંદી અપવર્ગી તું, અકળ ગતિ અનુમાન;
આશિષ અનુકૂળ આપજે, ભયભંજન ભગવાન. ૮
નિરાકાર નિર્લેપ છો, નિર્મળ નીતિનિધાન;
નિર્મોહક નારાયણા, ભયભંજન ભગવાન. ૯
સચરાચર સ્વયંભૂ પ્રભુ, સુખદ સોંપજે સાન;
સૃષ્ટિનાથ સર્વેશ્વરા, ભયભંજન ભગવાન. ૧૦
સંકટ શોક સકળ હરણ, નૌતમ જ્ઞાન નિદાન;
ઈચ્છા વિકળ અચળ કરો, ભયભંજન ભગવાન. ૧૧
આધિ વ્યાધિ ઉપાધિને, હરો તંત તોફાન;
કરુણાળુ કરુણા કરો, ભયભંજન ભગવાન. ૧૨
કિંકરની કંકર મતિ, ભૂલ ભયંકર ભાન;
શંકર તે સ્નેહે હરો, ભયભંજન ભગવાન. ૧૩
શક્તિ શિશુને આપશો, ભક્તિ મુક્તિનું દાન;
તુજ જુક્તિ જાહેર છે, ભયભંજન ભગવાન. ૧૪
નીતિ પ્રીતિ નમ્રતા, ભલી ભક્તિનું ભાન;
આર્ય પ્રજાને આપશો, ભયભંજન ભગવાન. ૧૫
દયા શાંતિ ઔદાર્યતા, ધર્મ મર્મ મનધ્યાન;
સંપ જંપ વણ કંપ દે, ભયભંજન ભગવાન. ૧૬
હર આળસ એદીપણું, હર અઘ ને અજ્ઞાન;
હર ભ્રમણા ભારત તણી, ભયભંજન ભગવાન. ૧૭
તન મન ધન ને અન્નનું, દે સુખ સુધાસમાન;
આ અવનીનું કર ભલું, ભયભંજન ભગવાન. ૧૮
વિનય વિનંતી રાયની, ધરો કૃપાથી ધ્યાન;
માન્ય કરો મહારાજ તે, ભયભંજન ભગવાન. ૧૯

**- શ્રીમદ્ રાજચંદ્ર**

## ગાંધી નિર્વાણ અને ગાંધી નિર્માણ

પ્રાથમિક શાળામાં એક પ્રસંગ આવતો. ટેબલ પાસે કૈક શોધી રહેલા ગાંધીજીને કાકાસાહેબ કાલેલકરે પૂછયું કે શું શોધો છો? ક્યારનો નાનકડી પેન્સિલ શોધું છું, મળતી જ નથી. સમય બચાવવા કાલેલકરે પોતાની પેન્સિલ આપી, પણ બાપુ એ કહ્યું કે મને એ પેન્સિલ ખોવી પરવડે એમ નથી, મદ્રાસમાં એક નાનકડા બાળકે પ્રેમથી આપી છે. ખાસ્સો સમય બંનેની મહેનત પછી પેન્સિલ મળી. કાકાસાહેબે જોયું તો બે ઈંચથી નાનો પેન્સિલનો ટુકડો હતો! આ વાત એટલે યાદ આવી કે બે ઈંચની પેન્સિલમાં છૂપાયેલા અપ્રતિમ પ્રેમને જતનથી જાળવી રાખનાર ગાંધીજીની છાતીમાં બે ઈંચની નફરત ઘુસ્યાની અભાગી તારીખ નજીક આવી કોઈ કવિનો સાચો વિચાર છે કે હે બાપુ! આ દેશમાં કોણ ગયું છે તમારી આરપાર, સિવાય કે ત્રણ ગોળીઓ! આજે પણ

ગાંધીના નામે ચાલી રહેલી ગેરસમજણ અને ફાલતું રમૂજો એની છાતીમાં ગોડસેની ગોળીઓની જેમ જ ધરબાતી રહે છે. રેંટિયાની તકલી જેમ પુણીઓની રાહ જુએ એમ જ કંતાયા વિના રઝળ્યા કરે છે ગાંધી વિચારો. વ્યક્તિ ગાંધીને યાદ કરવાના આવા નિમિત્તો પણ આવ્યા કરે છે, પણ વિસરાયેલી ગાંધી વિચારધારાને આવા નિમિત્તો દ્વારા યાદ કરાતી નથી. મુઠ્ઠીક હાડકાને ઢાંકવા એક પોતડી જ પર્યાપ્ત હતી, પણ એના વિચારોની અખિલાઈને ઢાંકવા આખી સમષ્ટિનો ચંદરવો ય ઓછો પડે. એનો અમલ તો લગભગ અશક્ય જ લાગે. હાથવણાટની ખાદી જેમ બરછટ લાગે એમ એના વિચારો પણ અપનાવવા અઘરા. અફસોસ તો એ કે ખાદી પર વળતર મળી શકે, ગાંધી વિચારધારા પર કોઈ વળતર નથી. એનું કારણ એટલું જ કે વળતર તો મૂલ્ય પર મળે, આ વિચારો તો અમૂલ્ય છે. અમૂલ્યને મફત સમજી લેવાની ભૂલ વારંવાર કરવા જેવી નથી જ! અને એટલે જ અભિવ્યક્તિ બદલતી રહે છે, ગાંધી વિચારધારા શાશ્વત રીતે ગુંજતી રહે છે. નવા ગઝલકાર ભાવેશ ભટ્ટ પાસેથી આવી જ એક અનન્ય અંજલિ અભિવ્યક્ત થઈ

પોતડી, ચશ્માં અને એક લાકડી
જે હજારો તોપને ભારે પડી
છાપ આખા વિશ્વ પર પાડી ગઈ
દાંડી યાત્રાએ ગયેલી ચાખડી
પાંચ ફૂટની સાદગી શું વિસ્તરી?
આખી આ દુનિયા પડી ગઈ સાંકડી
રેંટિયામાં કાળને કાંતી લીધો
કાળને એની સમજ પણ ના પડી
મોક્ષને પામી ત્રણેત્રણ ગોળીઓ
ચામડીના તીર્થમાં એ જઈ ચડી!

૯૦ વરસના દાદાને હું ઘણીવાર પૂછતો કે તમે ગાંધીજીને જોયા છે? આજે આ જ સવાલ દીકરી મને કરે છે ત્યારે સમજાય છે કે ગાંધીને જોવા સહેલા છે પણ એને અનુભવવા વધુ અઘરા છે. વ્યક્તિ ગાંધીના ફોટા કે પ્રતિમા પર ચડેલી ધૂળ તો એની જયંતી પર પણ સાફ થાય છે, પણ એના વિચારો પર ચડી રહેલા ધૂળજાળા સાફ કરવાનો વિચાર કોઈના એજન્ડામાં નથી. જે માત્ર શેરીની સ્વચ્છતા સાથોસાથ અંતરના તારેતારને શુધ્ધ કરવા મથતા હતા એવા આ બુદ્ધ માટે એના જ નિર્વાણ દિન નિમિત્તે એનો એકાદ વિચાર અપનાવવા સિવાય કયો માર્ગ છે વિશ્વ પાસે વિશ્વના નૂતન નિર્માણનો?

**- ડો. પ્રણવ પંડયા**

# વિશ્વધર્મ

જો કોઈ વિશ્વધર્મ સ્થાપવાનો હોય તો તે સમય અને સ્થળથી પર હોવો જોઈએ. આ વિશ્વધર્મ, જે પરમાત્મા વિશે તે બોધ આપે છે, તે પરમાત્માની જેમ અનંત રહેવો જોઈએ. આ વિશ્વધર્મનો સૂર્ય શ્રીકૃષ્ણના, ઈસુના તથા મોહમ્મદના અનુયાયીઓ ઉપર તેમ જ સંત અને પાપી બંને ઉપર એકસરખી રીતે પ્રકાશશે. આ વિશ્વધર્મ વૈદિક-બ્રાહ્મણધર્મ નહીં હોય, એ બૌધ્ધ કે જૈન ધર્મ નહીં હોય, એ ખ્રિસ્તી ધર્મ નહીં હોય કે ઈસ્લામ પણ નહીં હોય; એ સર્વનો સરવાળો હશે અને એથીય વધુ, તે વિકાસ માટે અનંત અવકાશવાળો હશે. તે વિશાળહૃદયી હશે અને એના અપરિમિત બાહુઓમાં દરેક માનવને સ્થાન મળશે. પશુથી સહેજ જ ઊંચા એવા નિમ્ન કક્ષાના અબુધનેય એમાં સ્થાન મળશે તો સાથોસાથ સમગ્ર માનવજાતમાં પોતાની બુધ્ધિ તથા હૃદયના ગુણો થકી સર્વોચ્ચ સ્થાન મેળવતા, સમાજને પ્રભાવિત કરતા, દૈવી માનવ સમાન જણાતા ઉત્તમ કક્ષાના માનવીને પણ તેમાં સ્થાન હશે. વિશ્વધર્મના બંધારણમાં ત્રાસવાદને સ્થાન નહીં હોય, અસહિષ્ણુતાને સ્થાન નહીં હોય. આ વિશ્વધર્મ પ્રત્યેક મનુષ્યમાં - પુરુષ અને સ્રીમાં-રહેલી દિવ્યતાનો સ્વીકાર કરશે, માનવજાતને પોતાની સત્ય અને દિવ્ય પ્રકૃતિનો સાક્ષાત્કાર કરાવવામાં સહાયભૂત થશે અને તે કાજે પોતાની તમામ શક્તિઓ તથા સર્વ સંયોગોનો ઉપયોગ કરશે.

**- સ્વામી વિવેકાનંદ**


| આ અંકમાં | | પાના નં. |
|---|---|---|
| ભયભંજન ભગવાન (પ્રાર્થના) | શ્રીમદ્ રાજચંદ્ર | ૧ |
| ગાંધી નિર્વાણ | ડો. પ્રણવ પંડયા | ૧ |
| વિશ્વધર્મ | સ્વામી વિવેકાનંદ | ૨ |
| તંત્રી સ્થાનેથી : | | |
| મીશન મોરારીબાપુ | રમેશભાઈ દોશી | ૩ |
| ડાયરી બોલે છે. | રમેશભાઈ દોશી | ૧૧ |
| ભારતમાતા | નાની પાલખીવાળા | ૧૨ |
| મોક્ષમાર્ગના અવરોધ | શ્રી આત્માનંદજી | ૧૨ |
| ખેડૂત કલ્યાણ | પ્રીતિ શાહ | ૧૪ |
| વિનોબા વિચાર | વિનોબા | ૧૫ |
| અભ્યાસ જાગ્યા પછી (કવિતા) | ગંગા સતી | ૧૫ |
| સ્વમૂલ્યાકંન (વાર્તા) | ડો. વીજળીવાળા | ૧૬ |

## તંત્રી સ્થાનેથી :

# મીશન મોરારીબાપુ

## (પૂ. મોરારીબાપુને પત્ર તા.૧૯/૧૦/૨૦૧૯)

પૂજ્ય મોરારી બાપુ

આસો સુદ ૧ થી ૬ મહિનાનું મૌન શરૂ થયું.

૨/૧૦/૧૯ ગાંધી જયંતિના સવારે ૮/૩૦ વાગ્યે પ્લેટફોર્મ સાફ કરતો હતો અને એક વિચાર ઝબક્યો અને અમારી ૩૫ વરસની યાત્રા, આત્મજ્ઞાન છતાં અપ્રસિધ્ધ, તલગાજરડા, મીશન મોરારીબાપુ એમ બધા રહસ્ય ખુલી ગયા. એ વિચાર હતો, મોરારીબાપુનો જન્મ તો 'રામરાજ્ય' માટે છે. આપને આ ખબર નથી, એમ અમને પણ આ ખબર નહોતી, પણ આત્મજ્ઞાનની આ સિધ્ધિ છે કે અમે આપને સાચી રીતે ઓળખી શક્યા. આ શક્તિની આપને જાણ કરવા માટે અસ્તિત્વે અમારી 'મીશન મોરારીબાપુ' અર્થે પસંદગી કરેલ અને એમ અહિં પહોંચાડેલ છે.

આ જ દિવસે હજી તો અહિં આ વિચાર ઝબક્યો ત્યાં તો એ જ દિવસે દિલ્હીકથામાં આપે વ્યાસપીઠ પરથી એનો પડઘો પાડ્યો. ''આરંભનો ઉત્સવ હોય, એમ અનારંભનો પણ ઉત્સવ હોય. હવે તલગાજરડું એકલું ઉડશે.'' ના, આપ એકલા નથી હવે બુધ્ધપુરુષ આપની સાથે જોડાઈ ગયા છે.

આપની અનેક રામકથાઓનું આ પરમફળ છે કે એક બુધ્ધપુરુષને આપની પાસે અસ્તિત્વ પહોંચાડે છે.

આ 'રામરાજ્ય' માટે જરૂર છે માત્ર 'સનાતન ધર્મની'. બીજા કોઈ સંગઠન, સંપ્રદાય, સંપત્તિ, સત્તા, સંચાર કશાની જરૂર નથી (અને હશે તો એ ઈશ્વર ગોઠવશે આપણે ગોઠવવાની જરૂર નથી). 'આમાં કોઈ સંઘર્ષ પણ નથી છતાં આ 'રામરાજ્ય' સંભવામિ યુગે યુગે' ચરિતાર્થ થાય જ અને થશે જ.

અમારો જન્મ પણ આ માટે જ છે. પહેલા હતું કે આપ અમારી સાથે જોડાશો પણ કુદરતે આખી બાજી બદલી નાખી છે. ભલે અમે મૌન અને સ્થિર રહેશું પણ હવે અમારે આપની સાથે જોડાવાનું છે અને અમે જોડાઈ ગયા છીએ. છ મહિના મૌનની મુદત છે કદાચ લંબાઈ પણ ખરી ત્યાં સુધી તો તલગાજરડા સ્થિરતા છે. આગળ હરિઈચ્છા. અદ્‌ભૂત, આશ્ચર્યકારી આ ઘટના છે ગુરુકૃપાની શી મહતા છે એ જાણી જગત ચકિત થઈ જશે. શ્રીમદ્‌, ગાંધી, ત્રિભુવનદાદા આ બધી ચેતના જ આ બધુ પાર પાડે છે અને પાડશે જ. આપણે સહુ તો નિમિત્તમાત્ર છીએ.

સર્વથા સહુ સુખી થાઓ એજ લી. ગુણગ્રાહી, આત્મજ્ઞાની, નિમિત્તમાત્ર 'રામ'ના 'રામ' ને પ્રણામ.

***

મિત્રો, વિચારોનો એક ધોધ વહી રહ્યો છે, એ શબ્દસ્થ કેમ થશે? એ મુશ્કેલ છે, એ લુલો પ્રયાસ છે, કદાચ એ ક્રમબધ્ધ ન પણ લખાય તો ક્ષમા કરશો.

ગાંધી જયંતિના દિવસે એક સત્ય મળ્યું કે મોરારીબાપુનો જન્મ 'રામરાજ્ય' માટે છે, એટલે આ પત્ર એમને લખાયો, એમણે વાંચ્યો, કહ્યું તમને સમાધાન મળ્યું એથી આનંદ થયો, તમે પણ આનંદમાં છો, અને હું પણ આનંદમાં છું. બાપુ અત્યંત વ્યસ્ત રહે છે. મુલાકાતીઓનો સતત તાતો રહે છે, એટલે એક પાનામાં અમારા આખા હૃદયનો ચિતાર આવી જાય એમ આ પત્ર લખાયો અને એક પત્રથી આપણને ઓળખી જાય એવી તો અપેક્ષા નહોતી જ. પણ કંઈક ચર્ચા વિચારણા અંગત રીતે થાય એમ ઈચ્છા અપેક્ષા હતી પણ એવું કશું થયું નહિ. હમણા તો જ્ઞાતાદ્રષ્ટાભાવ રહે છે, તેથી બાપુના આદરભાવ પ્રત્યે હૃદયના આનંદમાં કોઈ ઘટાડો નહોતો થયો. બાપુ એક ક્રાંતિકાર કથાકાર છે, શસ્ત્રરહિત રામ, હનુમાનની ગદાને વીણા, માનસગણિકા, કિન્નર, અનેક સંસ્થાઓને /કાર્યો માટે કથા આપી એમને સારી એવી મદદ એમ વિવિધ રીતે પોતાની રીતે આગળ વધી રહ્યા છે. એમની સરળતા એ છેકે ચમત્કારોથી દૂર રહે છે, એને વિશેષ મહત્વ નથી આપતા, અને ખાસ તો એ પોતાને બુધ્ધ પુરુષ-આત્મજ્ઞાની નથી માનતા આ બહુ મોટી વાત છે. અમને તો ગુણગ્રાહી દ્રષ્ટિ મળી ગઈ છે.

દીવાળીના દિવસે એક પરમ સત્ય મળ્યું. નવેમ્બર તંત્રીલેખમાં છેલ્લે એક વાક્ય સહજ એમ જ સમજ વગર લખાઈ ગયેલ. 'નિમિતમાત્ર 'રામ' ના સહુ 'રામ'ને જય સીયારામ. આપણા શાસ્ત્રો-સંતો કહે છે, અનુભવથી જ નિવેડો છે. અનેક આવિષ્કારો-શોધો થઈ છે, આ બધા વૈજ્ઞાનિકો એડીસન, આઈનસ્ટાઈન એવા અનેક સતત પ્રયોગો કરતા કરતા ઘણી નિષ્ફળતા છતાં ધીરજ શ્રધ્ધાથી માંડ્યા રહે છે, જે કામ અનેક પ્રયત્નોથી નથી થયું તે ક્યારેક વિચારની એક ઝલક મળે છે અને કાર્ય સિધ્ધ થઈ જાય છે. એવું જ આધ્યાત્મિક વિજ્ઞાનમાં પણ થાય છે.

દિવાળીના દિવસે પરમ સત્ય મળ્યું કે આપણા સહુમાં પણ એક 'મોરારી' જીવતો જાગતો બેઠો છે. અમારે આ

'મોરારી' ને મળવાનું હતું એટલે આ પત્ર નવે અંકમાં સમજ વગર સહજ લખાઈ ગયેલ ''સહુ 'રામ' ને પ્રણામ'' આ તો પરમ સત્ય છે. આપણે લાખ પ્રયાસ કરીએ આ 'મોરારી' ને છોડવાનો, દૂર કરવાનો, ન સાંભળવાનો પણ એ 'મોરારી' આપણને છોડતો નથી. ક્યારેય છોડશે પણ નહિ.

એટલે આ ૧૯/૧૦/૧૯ નો પત્ર મોરારીબાપુને નથી લખાયો પણ સારા વિશ્વમાનવ સમુદાયને ઉદબોધન કરીને લખાયો છે, અને અમારે આ સર્વ સાથે જોડાવાનું છે, એમના સુખ દુ:ખના સાથી થવાનું છે, અને એમના દુ:ખોનો ઉપાય બતાવવાનો છે અને અમને જે આનંદ મળ્યો છે તેમાં સહુને ભાગીદાર બનાવવાનો છે. એટલે જે આ પત્ર વાંચે તેણે તેમાં પોતાનું નામ સમજી ને વાંચવો. પૂજ્ય મોરારીબાપુની જગ્યાએ પૂજ્ય શાંતીભાઈ, મનોજભાઈ, જતીનભાઈ, અમર, અકબર, એન્થની, પેસ્તનજી, મહુમદ, માઈકલ, ભદ્રાયુ, વિનેશ, વિવેક, રંજના, ઈલા, હરીશ... આમ આ સર્વ જડ ચૈતન્યમય આખા જગત માટે આ પત્ર છે.

ઓશો રજનીશજી પોતાના વક્તવ્યન અંતે એક વાક્ય પ્રાય: હંમેશ બોલતા. ''આપ સહુમાં બિરાજતા પરમાત્માને મારા નમસ્કાર'' શ્રીમદ્ રાજચંદ્રજી કહે છે, મૈત્રી કોઈ સાથે કરતો નહિ, કર તો એક સાથે નહિ, સર્વ જગત સાથે કરજે.''

પત્રમાં એક વાક્ય લખાયેલ છે, ''આપની અનેક રામકથાઓનું આ પરમફળ છે કે એક બુધ્ધ પુરુષને અસ્તિત્વ આપની પાસે પહોંચાડે છે.'' આ વાક્ય પણ આખા વિશ્વમાનવ સમુદાયને લાગુ પડે છે. આપણા અનેક જન્મની તપશ્ચર્યાનું આ પરમ ફળ છે કે આપણી અંદર બેઠેલા આપણા 'મોરારી'ની આપણને સાચી ઓળખાણ કરાવે છે.

મીશન મોરારી બાપુ શરૂ થયું ત્યારે નજર સમક્ષ ચિત્ર કંઈક જુદુ હતું અને પરિણામ જે આવ્યું તેમાં તો જમીન આસમાનનો ફેર પડી ગયો. આ છે અંતર અવાજની વિશેષતા. આ છે આપણામાં બેઠેલા 'મોરારી'ની આ કરામત આપણે જાણતા નથી પણ 'મોરારી' આપણને વિશેષ જાણે છે અને કેમ ક્યા રસ્તે આગળ વધવું એ સહુ 'મોરારી' જાણે છે. અત્યંત સરળ રાજમાર્ગ પર પરમસત્યની મંઝિલે વિના વિઘ્ને પહોંચાડે છે એ છે મારી-તમારી સહુની અંદર બેઠેલા 'મોરારી'ની કરામત. આ છે ખરું રહસ્ય 'મીશન મોરારીબાપુ'નું આપણે 'મોહન' 'મુરારી' ને પોકારીએ છીએ, સતત પ્રાર્થના કરીએ છીએ કે આવો,

સંકટ મે હૈ આજ વો ધરતી, જિસ પર તુને જન્મ લીયા,
પુરા કર દે આજ વો વાદા, ગીતામેં જો તુને દિયા,
કોઈ નહિ હૈ તું જ બીન વાલા, ભારતકા રખવાલા રે
બડી દેર ભઈ નંદલાલા, તેરી વાટ તાકે બ્રીજબાલા.

પણ એ 'મોહન' તો જીવત્તો જાગતો આપણી અંદર જ હતો / છે અને આપણે જ એનાથી અજાણ રહ્યા એ પરમ આશ્ચર્ય જ છે ને!

આપણી સર્વ સમસ્યાનો ઉકેલ આપણી અંદર બેઠેલા એ 'મોરારી' પાસે જ છે. એક 'રમેશ દોશી' કે એક 'મોરારીબાપુ'થી એનો ઉકેલ નહીં આવે. હવે એકાંગી સમસ્યાઓ નથી રહી, બધી વૈશ્વિક સમસ્યાઓ બની ગઈ છે. એનો ઉકેલ પણ વૈશ્વિક રીતે જ સમુહગત શક્તિથી જ આવી શકે તેમ છે. કોઈને દોષિત ઠરાવવાની જરૂર નથી. સર્વની અંદર બેઠેલા 'મોરારી'ના દર્શન થાય એટલે સમસ્યા મટીને ઉકેલ બની જાય. અને 'મોરારી' હોય ત્યાં સમસ્યા કેમ હોય? નિરાશ થવાની જરૂર નથી. ફરી એક તક 'મોરારી મોહન' આપવાના છે, આપણે આપણા મોરારીને જગાડીએ એટલી જ વાર છે.

અમારો 'મોરારી' તો ૩૫ વરસથી જાગી ગયો છે, પણ સર્વમાં 'મોરારી'ના દર્શન તો હવે થયા છે અને એટલે જ અમને સ્થિર કરી દીધા અને પરમ સાધન 'મૌન' ગાંડીવ અમને પ્રસાદ રૂપે મળી ગયું છે. 'રામરાજ્ય' થાય તો બોલવું છે અન્યથા કેટલાક એવા સત્યો પણ મળેલ છે જે બોલવાથી વાદ, વિવાદ, વિસંવાદ જ થાય અને એનાથી શક્તિનો વ્યય જ થાય એ સ્પષ્ટ સમજાઈ ગયું છે. સર્વના ગુણ જ દેખાય છે, ગુણગ્રાહી જ બનવું છે.

અધમાધમ અધિકો પતીત સકળ જગતમાં હું ય
એ નિશ્ચય આવ્યા વિના સાધન કરશે શું ય?
દીઠા નહિ નિજ દોષ તો કરીએ કોણ ઉપાય?

- **શ્રીમદ્જી**

આપણામાં હજી ઘણા દોષ છે, ત્યાં બીજાના ક્યાં જોવા? સાધક છીએ અને જીવનભર સાધક જ રહેવામાં સલામતી છે.

## આત્મનિવેદનમ્

પ્યાર કી રાહ દિખા દુનિયા કો,
રોકે જો નફરતકી આંધીકો
તુમ મેં હી કોઈ ગૌતમ હોગા,
તુમ મેં હી કોઈ હોગા ગાંધી

આપણા સહુમાં રામ, મોરારી, ગાંધી હંમેશા જીવતો જાગતો બેઠેલો છે, એને ઓળખવો, જાણવો, માણવો, અનુભવવો એ જ સાક્ષાત્કાર, શાસ્રો-સંતો જેને આત્મ સાક્ષાત્કાર, આત્મજ્ઞાન, સત્યનો સાક્ષાત્કાર, અંતર અવાજ એમ અનેક નામે ઓળખાવે છે.

અમારી સાધનામાં સત્ સાહિત્યનો બહુ મોટો ફાળો રહેલો છે. ૧૯૮૧માં ટ્રેન અકસ્માત પછી હોસ્પિટલમાં એક પુસ્તક કોઈ વાંચવા આપી ગયેલા. એ વાંચતા વાંચતા અંતરદ્રષ્ટિ ફરીને કંઈક ઘેલછા, પાગલપન, ક્યારેક રોઉં, ક્યારેક હસવું એવી સ્થિતિ થઈ ગઈ તીવ્ર વેદના હતી તે ગાયબ થઈ ગઈ, ડોક્ટરો એની રીતે સારવાર કરતા રહ્યાં. અમે સહજ સમજ વગર જ્ઞાતા દ્રષ્ટા બની જોતા થઈ ગયેલ. પરિવારને થયું આ બધાનું કારણ આ પુસ્તક છે, એમણે પુસ્તક પાછું લઈ લીધું. પણ એ સંકેત હતો કે કોઈ પુસ્તક અમારા જીવનમાં રાહબર બનશે. આ અકસ્માત જુનાગઢ જિલ્લાના વીસાવદર નજીક ચાવંડ રેલ્વે ઓપન ફાટકમાં થયેલ. અમે રીક્ષામાં હતા અને ટ્રેનના એંજીન સાથે રીક્ષા ભટકાયેલ. રીક્ષા ડ્રાઈવરનું અવસાન થયેલ, અમે બચી ગયેલા. ૧૯૮૧ ફેબ્રુમાં આ ઘટના બનેલ. જુનાગઢ સીવીલ પછી મુંબઈમાં મુંબઈ હોસ્પિટલમાં એકાદ મહિનો સારવાર થઈ. ધીમે ધીમે પાગલપણું ઓછું થતું ગયું અને સામાન્ય થઈ ગયા. કોઈને દેખાય નહી, પણ 'રમેશ' અંદરથી સાવ બદલી ગયેલ. કામ, ક્રોધ, વિષય, તો હતા જ પણ આ પછી એ રસહીન, પરાણે થતા એમ ભારરૂપ લાગતા. આ સ્થિતિમાં પણ કેટલાક અવાજો ઉઠવા લાગ્યા, ''ઊઠ ઊભો થા તારો જન્મ મુંગા પશુઓ માટે છે.'' એક વરસનું મૌન લે.'' આ અવાજોએ અમારું ચૈન હરાઈ ગયેલ. એમ જ આંસુઓની ધાર વહે એવું ક્યારેક બનવા લાગ્યું. છેવટે ૧૯૮૪-૮૫માં એક વરસનું મૌન શરૂ થયું. એમાં બધી ગુંચો ઉકલી ગઈ. એમાં એકસેલ ઈન્ડસ્ટ્રીઝ જોગેશ્વરીમાં ફરી ૧૯૯૬/૯૭ ના એક વરસ મૌનમાં જવાનું શરૂ થયું. ત્યાં એક શીબીરમાં ભાવનગરથી એક દવે સાહેબ શીબીર સંચાલન માટે આવેલા. એઓ બોર્ડ ઉપર લાંબુ સુવાક્ય લખતા એક પુસ્તકમાંથી, પુછયું, નામ મળ્યું, એ પુસ્તક હતું / છે ''ઉઘડતા દ્વાર અંતરના''

**- મુળ લેખક એઈલીન કેડી. અનુવાદ ઈશા કુંદનિકા.**

નવભારત સાહિત્ય મંદિરમાંથી પુસ્તક ખરીદયું, મૌન તો ચાલુ જ હતું. આ ૧ વરસ ૧૯૯૬/૯૭ મૌનના છેલ્લા સાતેક મહિના મહાવીર નગર ચિંચણી દરિયા કિનારે પૂ. મુનિસંતબાલજી સમાધિ સ્થાને એક ભાંગીતુટી નાની રૂમ, ન લાઈટ, ન પાણી ત્યાં હતું. આ મૌનમાં આ પુસ્તકનો સ્વાધ્યાય થયો. આ પુસ્તક એ અંતર અવાજની વાણી છે. આ દિવ્ય સંદેશાઓ ઝીલનાર બહેન હતા ડોરોથી, દિવ્ય સંદેશ પ્રાપ્ત કરનાર બહેન હતા એલિન કેડી. ૧૯૫૩માં પહેલીવાર એલિન કેડીએ અંદરથી આવતો આ શાંત ઝીણો અવાજ સાંભળ્યો. આ અવાજને તેમણે અંદર રહેલા ઈશ્વરનો અવાજ કહ્યો Inner Voice. આ પુસ્તક શ્રીમદ્ રાજચંદ્રજી બોલે છે અને હું સાંભળું છું. એમ વાંચનમાં નિત્ય સ્વાધ્યાયમાં બન્યું. અકસ્માત વખતે તો આ પુસ્તક નહોતું, પણ સંકેત મુજબ આ પુસ્તક રાહબર બની ગયું, જાણે અમારે માટે જ આ લખાયું છે. આ દિવ્ય સંદેશાને આકાર આપવા માટે અમારો જન્મ છે એમ લાગ્યું અને એ અમારું મુખ્ય મીશન-દિશા રહી. અદભૂત છે આ પુસ્તક અને અમે આ સદગુરૂ તરફથી મળેલ પરમભેટ સમજીએ છીએ. કિશોરભાઈ જૈન બેંગલોર વાળાએ આ પુસ્તક માટે દસ હજાર રૂપિયા આપેલ અને ઘણા મિત્રો-સાધકોને આ પુસ્તક મોકલેલ એમાં બે જણાએ એનો શ્રેષ્ઠ ઉપયોગ કર્યો એ હતા. પૂ. નરોતમભાઈ શાહ અને કાંતીસેન શ્રોફ રોજ સવારે નરોતમભાઈ કાંતીકાકાને ફોન કરે. પરસ્પર વાંચન થાય. આજે ૬/૧૧ ના સવારે આ લખી રહ્યો છું ત્યારે થયું લાવ પહેલા વાંચન કરી લઉં અને પછી શરૂ કરૂં, ચાલો એ માણીએ. આ છે અમારા આજના હૃદયનો ચિતાર પણ નવેમ્બર ૬. ''અત્યારનો સમય સાધારણ સમય નથી. મારી વિશાળ અને ભવ્ય યોજનાને ઉદ્ઘાટિત થતી નિહાળો. અત્યારે હવે અત્યંત અદભૂત પરિવર્તનો આવવાનો સમય છે, એટલે કોઈપણ સમયે, કશું પણ બને તે માટે તૈયાર રહો. આગળ ઉપર થનાર પ્રચંડ કાર્ય માટે કેટલાંક લોકો ખેંચાઈને એકઠાં થયા છે, તે બાબતને કેવળ અકસ્માત કે સહજ સાધારણ ન માનો. એક અત્યંત ચોક્કસ યોજના ખુલી થઈ રહી છે. એની સાથે તમે પણ ઉઘડો કશા વિશે અધિર-ચિંતિત ન થાઓ. બધા ભય તજી દો, બધામાં મારો હાથ જુઓ, એ બધામાં રહેલી સંપૂર્ણતા જુઓ, અને એ માટે અવિરતપણે આભાર માનતા રહો. તમારી જવાબદારીઓ સ્વીકારવા રાજી ને તત્પર રહો. આ જીવન ભાગી છુટનારાં માટે કે જવાબદારીઓથી ગભરાતાં લોકો માટે નથી. નવો યુગ શક્તિ માંગે છે, હિંમત અને સમર્પણ માંગે છે, મેરૂ જેવી અચળ શ્રધ્ધા ને વિશ્વાસ માગે છે. આ એક અદભૂત સાહસ છે, એટલે સીધા એમાં પ્રવેશવા માટે અને એના

ભાગરૂપ બનવા માટે સાહસની ભાવના જોઈએ. જે કાંઈ બની રહ્યું છે તેની સાથે, ચુપચાપ શાંતિથી કોઈ તાણ વગર ગતિ કરતાં રહો, કારણ કે બધું જ બરોબર, તદ્દન બરોબર છે.''

આ પુસ્તકની શિર્ષક પ્રસ્તાવનાને ઈશાબેને નામ આપ્યું છે. ''પરમની વાણીનું અવતરણ.'' પ્રસ્તાવનામાં ઈશાબેન લખે છે, ''ઐલિને ઝીલેલા સંદેશાઓ મને મારે માટેના જ સંદેશા લાગ્યા છે. આ સંદેશાઓમાં આધ્યાત્મિક સત્ય અને દર્શનનો ઉઘાડ છે. જીવનને વધારે અર્થપૂર્ણ અને આનંદસભર બનાવવાની આંતરદ્રષ્ટિ તે આપે છે. આ પુસ્તકમાં પ્રેમ, આનંદ, શાંતિ, કૃતજ્ઞતા, એકતાનો સૂર સતત સંભળાવ્યા કરે છે. એ શાંત ઝીણો અવાજ કહે છે: બહુ મૃદુ રીતે, બહુ પ્રેમથી હું તમને જીવનમાં જે મહત્વની બાબતો છે, તેનું ફરી ફરી સ્મરણ કરાવું છું. જેથી છેવટ તે તમારા જીવનનો ભાગ બની જાય.

આ સાદા શબ્દોમાં, સાદા ગદ્યમાં રોજેરોજ વિકાસ કરવા માટેની ભરપૂર સામગ્રી છે. આપણને સીધા ઉદેશીને જ જાણે કહેવાયા હોય તેવા આ સંદેશાઓનો પ્રકાશ મનનાં અંધારા ખૂણે જામેલાં તર્ક, શંકાને ભયના જાળાને વિખેરી નાખશે અને અંદરની પ્રતીતિઓ દ્વારા જીવનને દિવ્યસ્પર્શથી ઉજ્જવળ કરશે. પરમ તરફથી વહી આવેલી આ પાવન પ્રેરકવાણી વાંચનારનાં અંતરના દ્વાર ઉઘાડશે એવી આશા.'' **ઈશાકુન્દનિકા.**

અસ્તિત્વમાં એક અદભૂત વ્યવસ્થા છે. ૧૯૫૩માં (લગભગ) ફ્રેંચમાંથી અંગ્રેજીમાં-૧૯૯૪માં ગુજરાતીમાં અને ૧૯૯૬માં જેને ખરેખર જરૂર હતી એના હાથમાં પહોંચે છે આ પુસ્તક, ઊઘડતા દ્વાર અંતરના ''Opening Doors Within''. અમારો જન્મ ૧૯૫૦માં પણ અસ્તિત્વને આપણી જરૂરિયાતની જાણ હતી અને એમ સહજ અમારા હાથમાં આવે છે અને આકાર મળવાની શરૂઆત થશે ૨૦૨૦થી.

આભાર એઈલીનબેન-ઈશાબેન, ગાંધીને મળ્યું અન ટુ ધ લાસ્ટ (Un to the Last) અને અમને મળ્યું ઉઘડતા દ્વાર અંતરના Opening Doors Within. ગુરુકૃપા-ગુરુ મહિમાની આ અદભૂત ઘટના છે. પાત્રતા વગર, માંગ્યા વગર, કોઈ પ્રયાસ કે પ્રયત્ન પુરુષાર્થ વગર એમ કહીએ મફતમાં પ્રથમ આત્મ અનુભવ સાક્ષાત્કાર થયો. આત્મજ્ઞાન પછી કાંઈ પ્રત્યક્ષ સદગુરૂની જરૂર નથી હોતી, પણ અધ્યાત્મ જગતમાં કદાચ આ પ્રથમવાર હશે કે આત્મજ્ઞાન પછી શ્રીમદ્ રાજચંદ્રજી-કૃપાળુદેવને ગુરુપદે-એકલવ્યની જેમ-સ્થાપી યાત્રા આગળની શરૂ થઈ. આનાથી હંમેશ એક નિરાંત રહી, સતત અમારી સાથે સત્પુરુષ છે એનો અહેવાસ રહ્યો, જે અંતર અવાજ આવ્યા અને એના પ્રયોગો થયા. પ્રાય: હંમેશા બધી સહજ સગવડ મળતી રહી, કોઈ વિશેષ અડચણ, અવરોધ, માંદગી, વિઘ્ન ન નડયા. આ બધી ગુરુકૃપાની જ કરામત છે. એ વગર કશું જ શક્ય નથી એની સ્પષ્ટતા હંમેશ રહી. આપણી કલ્પનાની બહાર ગુરૂકૃપાના ઘોઘ અમારી પર વરસ્યા છે અને વરસી રહ્યા છે.

કૃપાળુદેવને એમના જીવનમાં એકાંત-અસંગતા ભીતરથી તો હતી જ પણ બાહ્યમાં એની જરૂર લાગેલ એ જેવું ઈચ્છતા હતા તેવું એકાંત, મૌન, અસંગતા; પ્રસિધ્ધિ મળી ગયેલ; તેથી મળવું અશક્ય બની ગયુ, જ્યોતિષ, અવધાન, કેટલીક સિધ્ધિઓ, સંયમ-દીક્ષાની તીવ્ર ભાવના છતાં એ શક્ય ન બન્યું, કેમકે આત્મજ્ઞાન પછી સંપ્રદાયમાં જવું એ શક્ય નથી અને જ્ઞાની નવો પંથ પણ ન બનાવે, જ્ઞાની તો સંવાદના વ્યક્તિ હોય છે. આવી અનેક વિપત્તિઓ એમણે વેઠી, પણ આ બધા અવરોધથી અમને બચાવ્યા છે, અને સંપ્રદાય વગરનો સહજ સંયમ અમારા જીવનમાં આવી ગયો. આ છે સદગુરૂ ભગવાનની કૃપા. સાધનામાં અંતે તો પુરુષાર્થ કરતા કૃપાનું જ અત્યંત મહત્વ છે. આ સ્પષ્ટ અમારો અનુભવ થયો છે.

શ્રીમદ્ રાજચંદ્રજી પરમકૃપાળુ દેવ આ સર્વશ્રેષ્ઠ ભેટમાં આમ તો બધું આવી જાય પણ સાધનામાં પરમ ઉપકારી રહ્યા, એકવાર ખીણમાં પડવાની બધી શક્યતાઓ-સંયોગો થઈ ગયા ત્યારે ફરિસ્તા રૂપે આવી એમાંથી બચાવી લેનાર પૂ. દૂલેરાય માટલિયાજી, અમારા ધર્મપત્ની સંસાર સમાજમાં અમારું માન સન્માન આબરૂ જળવાઈ રહે એવો પ્રેમ ભર્યો વ્યવહાર રાખ્યો. પ્રાય: અમારી ગેરહાજરી રહી ઘરમાં છતાં ત્રણે સંતાનોને સંસ્કાર સીંચન કરી મોટા કર્યા, ઉઘડતા દ્વાર અંતરના આ પુસ્તક, જેને ક્યારેય જોયા નથી-દર્શન નથી કર્યા એવા મુખ્યત્વે ત્રણ મહાપુરુષો જેમના જીવન અને સાહિત્યે ક્યારેય દીશાહીન ન થવા દીધા એવા ગાંધીજી, સ્વામી વિવેકાનંદજી, પૂ. મુનિશ્રી સંતબાલજી, સાધનાનું શ્રેષ્ઠ અને મુખ્ય સાધન 'અંતર અવાજ' Inner Voice. આ છે સિધ્ધિઓ, આ છે ગુરૂકૃપાનું પરમ ફળ.

ચાલો ફરી મોરારીબાપુના મુળ પત્ર આવીએ સહજ એમજ આ પત્ર લખાયેલ છે પણ એમાં આટલું બધું રહસ્ય અને ગંભીરતા હશે એ તો દિવાળી પછી સહુમાં 'મોરારી'

'મોહન' બેઠો છે એ અનુભવ પછી આ રહસ્ય સમજમાં આવ્યું છે. એમાં લખેલ છે, ''આ રામરાજ્ય માટે જરૂર છે માત્ર સનાતન ધર્મની, બીજી કોઈ સંગઠન, સંપ્રદાય, સતા, સંચાર કશાની જરૂર નથી. આમાં કોઈ સંઘર્ષ પણ નથી છતાં આ 'રામરાજ્ય' સંભવામિ યુગે યુગે ચરિતાર્થ થાય જ અને થશે જ.''

સમસ્યાઓ હોતી નથી, મોટે ભાગે આપણે જાતે ઊભી કરીએ છીએ /કરી છે. બેકારી, પર્યાવરણ, ભ્રષ્ટાચાર, આતંકવાદ, ખેતી, ગોહત્યા, ગંદગી, વિ. આ બધી સમસ્યાઓ હતી નહિ પણ સતાધારીઓ કરતાં એને સતા પર બેસાડતી પ્રજાનો એમાં વધારે હિસ્સો છે, વાંક છે.

આપણે ફરજ બજાવ્યા વગર હક માંગીએ છીએ, અને એમ હક મળતા નથી, કોઈને મળ્યા નથી અને મળશે નહિ જે મળે છે તે હક નથી, સેવા રાહતના નામે ફેંકેલા એ રોટીના ટુકડા છે. પાંચ વરસે એકવાર મત આપી આપણે સુઈ જઈએ, પછી બધું સરકાર કરશે: આપણી ગંદકી પણ સરકાર સાફ કરશે. આપણ નાગરિક તરીકેની ફરજ નથી બજાવતા, શિસ્ત નથી જાળવતા એથી સરકારી સીસ્ટમ પર નકામો બોજો વધે છે, અને એની કિંમત-ખર્ચ અબજો રૂપિયા સરકાર નહી આપણા જ ટેક્સમાંથી ચુકવવી પડે છે. શક્તિનો ઉપયોગ વ્યર્થ કામો પાછળ ખર્ચાય છે. ગાંધીજી કહે છે, ''આ મારો વિશ્વાસ છે, ભારત એ દિવસે આઝાદ થશે જે દિવસે તે પોતાને સુધારશે અને જાતે તૈયાર થશે. તેનાથી એક મિનિટ વહેલું નહિ અને એક મિનિટ મોડું નહિ.''

શ્રીમદ રાજચંદ્રજીએ આત્મસિધ્ધિ અને અમૂલ્ય તત્વ વિચાર કાવ્યમાં લખેલ છે, સર્વ જીવ છે સિધ્ધ સમાન, જે સમજે તે થાય, તેમજ સર્વાત્મમાં સમદ્રષ્ટિ દ્યો, આ વચનને હ્રદયે લખો.'' સંતો, શાસ્રો, વેદ, ઉપનિષદ, આગમો પણ કહે જ છે કે ભગવાન આપણી અંદર છે. આ સમજ, માહિતી છે પણ અનુભૂતિ-અનુભવથી જ નિવેડો છે અને ત્યારે નિર્ણયાત્મક સ્થિતિ આવે છે. એમ જ્યારે હવે સ્પષ્ટ દર્શન થયું છે કે આપણા સર્વમાં 'મોરારી' 'મોહન' 'રામ' છે જ ત્યારે હવે આ સત્ય અહિંસાનો, સંપૂર્ણ અહિંસક ક્રાંતિનો પ્રયોગ એ આપણા સહુની ફરજ બની રહે છે, કર્તવ્ય છે અને એ સાવ સહેલું છે. 'એમાં કોઈ સંઘર્ષ પણ નથી જ'.

સંઘર્ષ રહિત અહિંસક ક્રાંતિની આ વાત છે આપણા સહુમાં જાગતા 'મોરારી'ને જગાડવાની જ જરૂર છે. માત્ર એક મોરારીબાપુથી નહિ થાય. આપણે સહુએ ગોવર્ધન પર્વતને ટચલી આંગળીનો પણ ટેકો દેવાની જરૂર છે. સહુની અંદર બેઠેલા એ 'રામ'ને ખબર છે કે પોતાનું કર્તવ્ય શું છે અને જે કરવું જોઈએ અને સહજ થઈ શકે એવું છે એ કરવાની શક્તિ છે એ કર્તવ્ય કરીએ એટલે 'રામરાજ્ય'ની શરૂઆત થઈ, ગાંધી જીવતો થયો. આ ક્રાંતિમાં તો સહુ પોતપોતાનો નેતા. ગમે તેવો સરમુખત્યાર જુલ્મી રાજા હોય તો પણ નાગરિક તરીકે ફરજ તો સહુએ બજાવવી જ જોઈએ એમાં સફાઈ પણ આવે, નીતિ પણ આવે, શ્રમ પણ આવે અને એથી આપણે સેવક છીએ એ ભાવ પણ જાગૃત થાય.

અંદરનો રામ એ અદભૂત તત્વ છે. એ એક ડગલાનો જ માર્ગ બતાવે છે પણ બીજુ ડગલું ક્યાં હશે એની તેને ખબર છે પણ એ એક ડગલું ચાલશું તો જ બતાવે છે. એ રામ સાચે માર્ગે જ લઈ જાય છે, એને આપણી જરૂરિયાતની - હિતની સ્પષ્ટ જાણ છે. એ રાજમાર્ગ છે, છતાં આકાશ જેમ ગગનગામી માર્ગ છે, દેખાતો નથી, છતાં એ છે જ. સહુનો પોત પોતાનો માર્ગ અલગ છે, છતાં સહુનો સરખો લાગે આ વિશેષતા છે આ રાજમાર્ગની.

ગાંધીએ આની ચાવી બતાવી છે. સાધન અને સાધ્ય બંને શુધ્ધ જોઈશે અને એક તાવીજ આપેલ છે. છેવાડાના માણસને એથી કોઈ લાભ થાય છે ખરો, હા, હોય તો માર્ગ સાચો. આ ગાંધી નામના એંન્જીનીયરે વિસ્તૃત રીપોર્ટ, નકશો આ રાજમાર્ગનો બનાવી દીધેલ. કામ શરૂ થવાનું જ હતું ત્યાં એમણે વિદાય લીધી. એટલે આકાર બાકી રહ્યો છે બાકી બધુ તૈયાર છે, મુખ્ય જરૂર છે/ હતી અને કાયમ રહેવાની એ છે કોઈ 'આત્મજ્ઞાન' 'સાક્ષાત્કાર' ડીગ્રી ધારક એન્જીનીયરની જેને માટે ગાંધીએ ખૂબ મહેનત, પ્રયત્ન, પ્રયોગો કરેલ પણ મળેલ નહી. હવે કાળ પાક્યો છે, અને ઈશ્વરકૃપાથી બધી જરૂરિયાત પુરી થઈ છે. જરૂર છે માત્ર લાખો આસીટન્ટ એન્જીનીયરોની જેની પાસે 'રામ' નામની ડીગ્રી હોય અને એ તો સહુ ભારતવાસીઓ પાસે છે જ એમને તો માત્ર એટલું જ ધ્યાન રાખવાનું છે કે સાધન અને સાધ્ય નામનું શુધ્ધ મટીરીયલ જ વપરાય કે જેથી જેનો ખરો લાભાર્થી છેવટનો માણસ છે એ વંચિત ન રહી જાય.

મિત્રો, કહેવું તો ઘણું કહે છે. ફરજ-કર્તવ્ય બજાવ્યા પછી જે હક મળે છે એમાં આનંદ હોય છે, ખુમારી હોય છે. સંતોષનો ઓડકાર હોય છે. આપણને વિદેશોની જે વસ્તુ આકર્ષક કરે છે. મુખ્યત્વે એમની સફાઈ, વહીવટમાં પારદર્શિકતા, ભેળસેળ અને ભ્રષ્ટાચાર રહિત કાર્યક્ષમતા

કે જેથી વ્યર્થ વેડફાતી શક્તિ બચી ગઈ અને તેનો ફાયદો એ નાગરિકોને સહજ મળતા એમના હકો.

આપણે આપણી ફરજમાં-કર્તવ્યમાં ચુક રાખીએ છીએ, બધું સરકાર પર છોડીએ છીએ, એનાથી વ્યર્થ કામમાં સરકારની શક્તિ વેડફાય છે, સંપત્તિનો વ્યય થાય છે જે છેવટે તો આપણે જ ટેક્સરૂપે ચુકવીએ છીએ, આપણે જ આપણા પગ પર કુહાડો મારીએ છીએ અને સજારૂપે દંડરૂપે આપણે આપણા કેટલાય પાયાના હકો જે સહજ મળેવા જોઈએ તેનાથી વંચિત રહીએ છીએ. અહિં સરકાર દેખાય છે માત્ર, બાકી તો બધું ભગવાન ભરોસે ચાલતું હોય એવું લાગે છે. છેવાડા માણસ માટે વાતો થાય છે પણ ગરીબ વધારે ગરીબ બને છે. અમીર-ગરીબની ખાઈ વધતી જાય છે. મુખ્યત્વે આપણે જાગૃત નથી એટલે જ આમ ચાલે છે. આપણે ફરજ બજાવવી નથી અને હક માંગવા છે. ક્યાંથી મળે? ઘી, દુધ, મસાલાઓ, દવાઓ, ખાતર, બીયારણ, કશી વસ્તુ શુધ્ધ ન મળે માનવીના સ્વાસ્થયના ભોગે આ બધી ભેળસેળ ચાલે છે, ખેડૂતો એ જેટલા આપઘાત કર્યા છે એનાથી અનેક ગણા વધારે તો આ ઝેરી જંતુનાશક દવાના બેફામ વપરાશથી બનેલ અનાજ-શાકભાજી ના વપરાશથી કેન્સર જેવી બીમારીઓમાં અનેક માનવીઓ મર્યા છે અને મરી રહ્યા છે. કોઈ સરકાર આપણને બચાવી શકે તેમ નથી. આપણે જાગ્યા વગર છુટકો નથી. આપણી જાગૃતિ અને એકતા ફરજ બજાવીને જ સાબિત કરી શકાય તેમ છે. કામ આમ સાવ નાનુ લાગે છે, એક ક્ષણમાં એક દિવસમાં થઈ શકે તેવું છે અને ભારત માટે કદાચ અત્યંત મુશ્કેલ લાગે તેવું છે પણ એ કર્યા વિના છુટકો નથી. આપણે અને આપણી આવનાર અનેક પેઢીઓને બચાવવા માટે હવે આ જ સહેલો અને સરળ રાજમાર્ગ છે. સંઘર્ષ નહિ આ સહકાર યુગ છે, આપણે આપણને જ સહકાર આપી સતાધીશોને જગાડવાના છે.

અણુબોંબ, આતંકવાદ, યુધ્ધો આથી આજ વિશ્વ થરથરી રહ્યું છે. એનો ઉપાય અને ઉગરવા માટે વિશ્વ આજે આતુર હૃદયે ભારત તરફ જોઈ રહ્યું છે. સહુને લાગે છે આનો સાચો ઉપાય પૂર્વના ભારતના અધ્યાત્મમાં દેખાય છે, ગાંધી વિચારમાં દેખાય છે. ગાંધીએ ટાંચા સાધનોથી સત્યઅહિંસાના સાધને એની ઝલક વિશ્વને દેખાડી છે. આપણી એકતા અને જાગૃતિમાં, જે ફરજ-કર્તવ્ય બજાવીને જ સાબિત થઈ શકે છે; તેમાં જ વિશ્વશાંતિના બીજ રહેલા છે. હવે ગ્લોબલ વિશ્વ થયું છે અને સમસ્યાઓ પણ ગ્લોબલ છે, આનો ઉકેલ ભારતના અધ્યાત્મ પાસે હતો/ છે આ માટે પણ આપણી એ ફરજ અને કર્તવ્ય બની જાય છે કે હવે જાગીએ અને વિશ્વશાંતિના કાર્યમાં સહભાગી થઈએ.

એક ડૂબતા જહાજમાં આપણે સહુ બેઠા છીએ. કોઈ બચવાનું નથી. કાં અહિંસક ક્રાંતિ અને કાં હિંસક ક્રાંતિ સર્વનાશ. હવે બીજા કોઈ વિકલ્પ શાંતિ માટે નથી. એક સમય હતો ગાંધીયુગમાં જ્યારે સંઘર્ષ, ત્યાગ, તપ, બલિદાનની જરૂર હતી અને પ્રજાએ હંસતે મુખે એ કર્યું છે. કેવા કેવા શહીદો, શૂરવીરો, મહારથીઓ આપણને મળેલા-મસ્તક આજ પણ ઝુકી જાય છે. આજે પણ એવા જ ત્યાગ-તપ-બલિદાનની જરૂર છે જ પણ આ સહકારનો યુગ છે હવે સંઘર્ષ નહિ જોઈએ.

આપણે ત્યાગ, બલિદાન કરવાના છે આપણા હકોનો, નથી જોઈતું કશું પણ-મફત આપે તો પણ-સરકાર કે સમાજ પાસેથી અને છતાં અમે અમારી ફરજ બજાવશું ન કોઈ આવેદન-ન કોઈ અરજી ન કોઈ રન ફોર યુનિટિ દોડ, ન મીણબતી સળગાવવી છે, નથી જોઈતા કોઈ હક, ન કોઈ માંગણી અને તે છતાં આપણે આપણ ફરજ-કર્તવ્ય પુરેપુરા બજાવશું. ભલે સતાધીશો-સરકારો-કોરપોરેટ બજાર કે અન્યની લુંટ ચલાવી રહ્યા છે તે ચલાવે, આપણે તો માત્ર આપણા હકો એ લુંટમાં ભેટ આપી દેવાના છે. આ ૭૨ વર્ષમાં પાવડે પાવડે આ દેશને સહુ સહિયારી રીતે લુંટવામાં પડ્યા છીએ. પ્રજા પણ એમાં જ સામેલ છે. તે છતા આ દેશમાં વિશ્વને હજી સમૃદ્ધિ દેખાય છે, એને પણ આમંત્રણ આપીએ છીએ, આવો આ ખજાનો ખુલ્લો છે, આવીને લુંટો-વિચારો, આ સ્થિતિ ન થઈ હોત, આપણે જાગૃત રહ્યા હોત તો, આ દેશ સોને કી ચિડિયા હતો છે અને થાત. સર્વ પ્રથમ બુલેટ ટ્રેન અહિં શરૂ થઈ હોત અને એ પણ સોનાના પાટા પર અને કોઈ લોન વગર.

આ મોરારીબાપુનો પત્ર એમ જ લખાઈ ગયો પણ જે રહસ્ય એમાંથી પ્રગટી રહ્યું છે એ અદભૂત છે અમે પોતે આશ્ચર્યથી ચકિત થઈ રહ્યા છીએ. હવે સ્પષ્ટ દેખાય છે સંઘર્ષ રહિત ક્રાંતિ શક્ય છે જ. આ એકાંત મૌન-અસંગતા-અંતર અવાજ કેવા કેવા અદભૂત સાધનો અમને ગુરૂકૃપાએ ભેટ મળ્યા છે. આનંદનો તો દરિયો ઉછળી રહ્યો છે, એમાં તો પ્રેમ ભર્યુ આમંત્રણ જ હોય ને! સંઘર્ષને સ્થાન જ નથી અહિં.

આજે જ્યારે અમે સર્વ 'મોરારી' 'રામ' સાથે જોડાઈ ગયા છીએ ત્યારે એક વાત જે ક્યાંય પ્રગટ નથી કરેલ એ પણ ભલે પ્રગટ થઈ જાય.

જૈન દર્શનમાં સાક્ષાત્કારના ૧૪ પગથિયા છે, જેને જૈનશાસ્રોમાં સમ્યકદર્શન, સમકિત, ભેદજ્ઞાન કહે છે. એની શરૂઆત ચોથાથી થાય છે, ચોથુ એટલે ખાણમાંનો પથ્થર (હીરો) અને ચૌદમુ એટલે એ જ કોહિનુર હીરો. પણ ચોથે અને ચૌદમે આત્મ અનુભવ સરખો જ હોય છે. નરસિંહ કહે છે એમ ''અંતે તો હેમનું હેમ હોયે'' ચોથાવાળો સાધક એમ કહે કે હું બીજો રામ છું, બીજો કૃષ્ણ છું, મહાવીર છું, ઈશુ મહમદ, જરથોસ્ત ગાંધી એમ ગમે તે નામ મુકી શકે, તો સાધકનું એ કહેવું સાચુ છે. સહુનો અનુભવ તો સરખો જ છે. બાહ્યમાં સહુના માર્ગ જુદા દેખાય છે પણ મંઝિલ સહુની એક જ છે.

અમને આત્મજ્ઞાન-સાક્ષાત્કાર તો થયો છે, પૂર્વ જન્મ છે, પણ એનો અનુભવ નથી થયો. ખાલી અનુમાન છે, એટલે નિશ્ચયાત્મક રીતે પૂર્વ જન્મમાં હું આ જ હતો એ કહી શકાય તેમ નથી. એક સતત અહેસાસ થાય છે કે પૂર્વજન્મમાં અમે શ્રીમદ્ રાજચંદ્રની અત્યંત નજીક તેમની સાથે પ્રત્યક્ષ સત્સંગ થયો છે અને તેમના આશીષ પણ મળેલા છે. શ્રીમદ્જીએ એમની હયાતિમાં જ કોઈને આશીષ આપ્યા હોય તો આમ તો ઘણા છે, પણ એમાં મુખ્ય બે વ્યક્તિ-એક સૌભાગ્યભાઈ અને બીજા ગાંધીજી. ગાંધીજીના એક પત્રમાં તો છેલ્લે સ્પષ્ટ લખેલ છે કે, 'તમને આત્મદર્શન થશે એ દેખી સંતોષ થાય છે.' શ્રીમદના સાહિત્યમાં પત્ર સાહિત્ય જ મુખ્ય છે. એમાં પણ પ્રાય: લાંબામાં લાંબો પત્ર હોય તો તે ગાંધીજી પર અને એ પણ પ્રશ્ન-ઉત્તર સાથે થયેલ છે. શ્રીમદ્જી એ પત્રોથી ઘણાને માર્ગદર્શન ઉતરો આપ્યા છે. પણ વ્યક્તિગત રીતે સાધકનો પ્રશ્ન અને શ્રીમદ્જીનો ઉત્તર આ રીતનો ૨૭ પ્રશ્નનો ઉત્તર છે તે તો માત્ર એક જ છે અને તે છે ગાંધીજી પરનોપત્ર.

ગાંધીજી બેરીસ્ટર થઈ વિદેશથી પાછા ફરી મુંબઈમાં પગ મુકે છે ત્યાં બે ઘટના બને છે. એક માતાના અવસાનના સમાચાર મળે છે અને તે જ દિવસે લગભગ ડો. પ્રાણજીવન મહેતા ગાંધીજીનો રાયચંદભાઈ શ્રીમદજી-સાથે મેળાપ કરાવે છે. જ્ઞાનીની વિશેષતા છે કે રાયચંદભાઈ તો તરત ગાંધીજીની પાત્રતાને ઓળખી ગયા. ગાંધીજીને શ્રીમદ્જીને ઓળખતા વાર લાગી. રામકૃષ્ણ પરમહંસ નરેન્દ્રને તરત ઓળખી લે છે પણ નરેન્દ્ર (વિવેકાનંદજી)ને વાર લાગે છે, જો કે પછી સાચી ઓળખાણ નરેન્દ્રને થાય છે કે આ જ ભગવાન છે અને શ્રધ્ધા સમર્પણ અને આશ્રય સદગુરૂ ચરણે સમર્પિત થઈ જાય છે. ગાંધીજી આફ્રિકા જતા પહેલા ભારતમાં મુંબઈમાં જેટલો સમય રહ્યા ત્યારે રાયચંદભાઈ પણ મુંબઈમાં જ હતા અને એ સમયે બંનેનો સતત સત્સંગ મેળાપ થતો રહ્યો. આ સત્સંગનો પ્રભાવ-સ્મરણ હંમેશા ગાંધીજીને રહ્યું. મોહન થી મહાત્મા યુગપુરુષ થવામાં આ સત્સંગનો મહત્વપૂર્ણ હિસ્સો છે એમ ગાંધીજી એ પણ સ્વીકારેલ છે. આ એક પરમ અવસર-તક હતી જે મળી પણ ગાંધી ચુકી ગયા. સદ્ગુરૂ-સત્ શિષ્ય સંબંધ ન થયો. ઉપકારી માન્યા પણ સમર્પણ ન થયું એટલે કાર્ય અધુરૂ રહ્યું.

ગાંધીની સત્ય-અહિંસા-રામનામ પરની શ્રધ્ધા બેજોડ-અદભૂત છે. છેલ્લા વિષમ સમયમાં પણ એ અવિચળ રહી એના સૂરમાં ક્યારેય નિરાશા ન આવી. એ ભૂલ કરતા નિયતિ એમ જ હતી, ગાંધીનું મૂખ્ય કાર્ય જીવન-જન્મ ભારતની આઝાદી માટે અને સત્ય અહિંસાની શક્તિનો અહેસાસ જગતને કરવા માટે હતો એ પુરો થયો. મીસીસ પોલેકના પુસ્તકમાં ગાંધીજીએ લખેલ છે. ''મને એમ હતું કે આ જન્મમાં જ કામ પુરૂ થઈ જશે, પણ મને લાગે છે કે મારે હજી બીજો એક જન્મ લેવો પડશે.''

એ અવસર-તક જે ચુકી ગયા હતા, અસ્તિત્વે જ ફરી સુધારવાની તક ઊભી કરી. બે વ્યક્તિ જેમાં સૌભાગ્યભાઈને તો શ્રીમદની હયાતીમાં સાક્ષાત્કાર થઈ ગયેલ. બાકી રહી ગયા હતા ગાંધી. અમને હંમેશા આ સતત જેમ ગુરૂકૃપાનો અહેસાસ રહે છે એમ આ ગાંધી 'અમે' જ છીએ એમ અહેસાસ રહ્યો. પૂર્વજન્મનું જ્ઞાન નથી એટલે નિશ્ચયાત્મક રીતે ન કહી શકાય. પણ અનુમાન અને અહેસાસ છે તો છે જ. અને ન હોય તો પણ એમ ધારવામાં વાંધો શું ? એમાં પણ હિત તો છે જ. એનો આનંદ પણ છે. આ અનુકરણનો માર્ગ નથી. 'રમેશ' 'રમેશ' રહે એમાં જ મજા છે. અસ્તિત્વે સત્ય અહિંસાનો પ્રયોગ પુરો કરવા માટે પસંદગી કરી છે અમારી, એમાં તો સંશય કે શંકા કે અનુમાન નથી જ.

ગાંધી અને અમારા જીવનમાં સામ્ય પણ ઘણું છે. બંનેનો ઉદેશ સત્ય અહિંસાનો પ્રયોગ અમે એને સંપૂર્ણ અહિંસક ક્રાંતિ કહીએ છીએ. બંને સાધન અને સાધ્ય બંનેની શુધ્ધિ જ જોઈએ એમાં કોઈ બાંધ છોડ ન જ ચાલે. ગાંધીના જે સફળ પ્રયોગો થયા અને મુખ્યત્વે 'દાંડીયાત્રા' એ અંતર અવાજનું જ સફળ પરિણામ હતું અમારા તો બધા જ પ્રયોગો, પુરુષાર્થ થયા તે અંતર અવાજ મુજબ જ થયા અને થઈ રહ્યા છે અને થશે. જ્યારે અંતર અવાજ મુજબ લગભગ બે વાર નથી ચાલ્યા ત્યારે સજા પણ

ભોગવી છે. બંનેને પરમ સહયોગી અર્ધાંગિની મળેલ છે. દાંડીયાત્રાનું જે સફળ પરિણામ ગાંધીને મળેલ એમ જ ''રીવર્સ દાંડીયાત્રા''નું ફળ પરિણામ થવાનું છે. ગાંધીને રાયચંદભાઈનો પ્રત્યક્ષ મેળાપ થયો અમને પરોક્ષ મેળાપ થયો પણ અમે તો માનીએ છીએ કે એ પ્રત્યક્ષ જ છે એટલે એકલવ્યની જેમ એમને સદગુરૂ પદે સ્થાપી એમના ચરણે આશ્રય કર્યો-સમર્પણ કર્યું. આ એક વિશેષતા મુખ્ય રહી અમારા જીવનની. ચોરી, જુગાર,દારૂ, માંસાહાર, બીડી, સીગારેટ આવા પણ દોષો-ભૂલો અમારાથી થઈ છે. આ પણ સામ્ય છે ને! સાત દિવસ આર્થર રોડ જેલમાં પણ જઈ આવ્યા છીએ. ગાંધીએ સાક્ષાત્કાર માટે, મોક્ષ માટે પ્રયોગ કર્યો, અમે સાક્ષાત્કાર થયા પછી પ્રયોગ શરૂ કર્યો છે. પરિણામ હરીને હાથ. ગાંધીએ જેમ પોતાની હયાતિમાં જ સત્યના પ્રયોગો પ્રગટ કરતા રહ્યા એમ અમે પણ ગોરક્ષાપાત્ર માધ્યમે જે પ્રયોગો થયા અને થવાના છે તેની માહિતી સહુને સતત આપતા રહ્યાં / રહીશું. એમની દવા અને શ્રધ્ધા રામનામ હતી. અમારી માટે શ્રીમદ્ રાજચંદ્ર એ જ રામ છે. અરે રામથી પણ વિશેષ છે. રામની સાચી ઓળખ તો સદગુરુથી જ થાય છે ને! ખેર જવા દો જે હોય તે અમે ગાંધી હોઈએ કે ન હોઈએ શું ફરક પડે છે, પણ જ્યારે સર્વ 'મોરારી' 'રામ' સાથે જોડાઈ ગયા છીએ ત્યારે હનુમાન જેમ અમારું હૃદય પ્રગટ કર્યું છે.

ગાંધી કહેતા મને સાક્ષાત્કાર થયો નથી પણ થાય તો એનો સ્વીકાર કરતા મને જગતને જણાવવામાં હું સંકોચ નહિ કરૂ. અમે પણ સંકોચ વગર આ જણાવતા રહ્યા કે અમને આત્મજ્ઞાન થયેલ છે, પણ હવે અમે જ અમારી જાત પર હસીએ છીએ કેમકે હવે સમજાયું કે શબ્દ તો બહાર પડે ત્યાં જ અસત્ય થઈ જાય છે. અમે જ્ઞાની છીએ એ બોલાય નહી, એ મૌનમાં જ કહેવાય અને આ મૌન એકાંત ચાલી રહ્યું છે એનો જ આ પ્રતાપ છે કે અમે ફરી અમારા બધા જ પતા ખોલી દીધા છે. હવે બોલવાનું આ સાધન ગોરક્ષાપાત્ર છે તે પણ મૌન થાય છે.

શ્રેષ્ઠ સેવા છે માનસી સેવા, એટલે દ્રષ્ટિ આપવી.

માનવીમાં રહેલ શુભ તત્વને ઉજાગર કરવું, માર્ગ બતાવવો, ઉપાય બતાવવો, હૃદય પરિવર્તન કરવું, દ્રષ્ટિ દેવી અને એ આત્મજ્ઞાનીથી જ થાય છે.

પાંજરાપોળ, મફત દવાખાનાઓ, સ્કુલો, અન્ન, વસ્ત્ર, મકાન, ભંડારાઓ, કથાઓ એવી અનેક સત્પ્રવૃતિઓ કરવા જેવી છે, એનો નિષેધ નથી, પણ એથી દુવાઓ-આશીષ મળે-પુણ્ય થાય એમાં ના નથી પણ એનાથી પરિવર્તન ન થાય આટલી સ્પષ્ટતા સમજવાની જરૂર છે. સેવા એ સાધનાનો પ્રથમ ધર્મ છે, પણ એ સેવામાંથી ક્યારે નિવૃત્ત થવું એનો વિવેક બહુ જરૂરી છે. વ્યક્તિગત ચરિત્રની અસર તો થોડી ઘણી થાય છે જ પણ એ વ્યક્તિ હોય ત્યાં સુધી જ સીમિત રહે છે. વ્યક્તિની વિદાય થાય પછી એના નામે દુકાનો ચાલે. ઊંડાણ ઘટતું જાય, વ્યાપ વધતો જાય આવી સ્થિતિ સ્પષ્ટ જોઈ શકાય છે. સ્વને ઓળખવા સેવા છે, એ સિધ્ધાંત ભૂલી જવાય છે, સેવાએ સાધન મટી સાધ્ય બની જાય છે.

અમારો જન્મ માનસી સેવા માટે છે. ગાંધી-શ્રીમદ્‌ના અધૂરા રહેલા સ્વપ્ન જે અમારું પણ સ્વપ્ન સમજો તે પુરું કરવા માટે છે. અને એ મૌનથી જ થવાનું છે.

છેલ્લા ૫૦૦ વર્ષનો ક્રાંતિનો ઈતિહાસ જોઈએ તો સમજાઈ જાય કે જ્યાં શસ્ત્ર-સંપત્તિ-પાર્ટી-સંપ્રદાય રાજકરણ આવ્યું ત્યાં માત્ર સત્તા પરિવર્તન થયા છે. નાગનાથ ગયા અને સાપનાથ આવ્યાં. આમાં ગાંધી, વિનોબા, વિવેકાનંદ કોઈ બાકી નથી. ગાંધીની વિશેષતા એ રહી કે આશ્રમનું વિસર્જન કર્યુ મરવાના આગળના દિવસે કોંગ્રેસ-સંગઠનની પણ વિસર્જનની વાત કરી હતી. આ જ કારણ છે કે આજ પણ ગાંધી અસર કરે છે. એ સુતો નથી અને આપણને સુવા દેતો નથી. કબરમાંથી પણ બોલી રહ્યો છે. અમને તો ગુરુકૃપાથી સ્પષ્ટ દર્શન નકશો મળ્યો છે, આજ ઉપાય છે આજની સર્વ સમસ્યાથી વિશ્વને મુક્ત કરવાનો. એ સહુની સમક્ષ આ ખજાનો ખુલ્લી લુંટ માટે પડ્યો છે, રામનામકી લુંટ હૈ- લુંટ શકે તો લુંટ.

ગાંધીની વાણી-શબ્દોમાં જે શ્રધ્ધા સત્યનો રણકાર છે એ અદ્‌ભૂત છે, ગજબનો છે. આ ગાંધીવાણી હંમેશા નજર સમક્ષ રહી છે, જેણે શ્રધ્ધાનો દીપક હંમેશા આંધીમાં પણ જલતો રાખ્યો છે. શ્રીમદ્‌જીના ભાઈ મનસુખભાઈ કહેતા શ્રીમદ્‌જી જે સત્ય ધર્મના ઉધ્ધારની વાત કરતા હતા એ જ આ ગાંધી, ગાંધી પ્રયોગ, ગાંધી દર્શન. આ વિચાર દર્શન જ આ વિશ્વને સંઘર્ષ ભરી આંધીમાંથી ઉગારશે લાખ ગાંધીને મીટાવવાનો પ્રયત્ન કરો અને હમણા એ માટેના વ્યવસ્થિત યોજનાપૂર્વક પ્રયાસો થઈ રહ્યા છે, પણ એ બધા સૂર્ય સામે ધુળ ઉડાડવા સમાન છે. એ જ ગાંધીના વાક્યોથી આને વિરામ આપીએ. જે વિચારોનો ધોધ વહી રહ્યો છે એનો તો આ માત્ર એક અંશ જ છે.

## ગાંધી વાણી

સતાના સિંહાસને બેઠા પછી જે નેતાઓ મને ટેકો આપતા હતા, તેઓ જ મારી અવગણના કરવા માંડયા

છે. હું કંઈપણ કહું કે સલાહ આપું તેને ઘરડાના લવારા તરીકે ખપાવે છે ! હું જે કહું તેને હસી કાઢવામાં આવે છે. આથી મને લાગ્યું છે કે આ દેશમાં લાંબુ જીવવામાં હવે કશો અર્થ નથી. મેં તેમનો સાથ છોડી દીધો ને એકલો જ નીકળી પડયો. શું થવા બેઠું છે ? આ દેશનું શું થવાનું છે, તે બધું હું ચોખ્ખું જોઈ શકું છું. પણ સમય સમયનું કામ કરશે. મારે આજે કશું જ કરવું નથી! તમે ધીરજ રાખો. વિધાતા જ્યારે કામ કરવા માંડે છે ત્યારે એક દિવસમાં બધું કરી નાખે છે અને ત્યારે આ નેતાઓ મોં વકાસતા રહી જશે આ નેતાઓને સમજણ પણ નહીં પડે કે શું થઈ રહ્યું છે. (શ્રી અનસુયા પ્રસાદને પોતાના મૃત્યુના બે દિવસ અગાઉ ગાંધીજીએ લખેલ પત્રમાંથી).

આ છે ગાંધીનું એક અછુતું રહેલું પાસુ-ભવિષ્યવેતા

શ્રીમદ્જી, ગાંધીજી, વિવેકાનંદજી, સંતબાલજી એમ આવી અનેક અદ્રશ્ય ચેતનાઓ જ આ કાર્ય એક દિવસમાં પુરી કરી શકે છે અને કરવાના છે, અમે, મોરારીબાપુ કે આપણે સહુ તો એમાં નિમિત્ત માત્ર છીએ.

આમ 'મીશન મોરારીબાપુ' સફળતાથી પુરૂ થાય છે. આ અંક મળશે ત્યારે તલગાજરડાથી વિદાય થઈ ગઈ હશે કે થવામાં હશે. હવે પછી ક્યાં એ અમને પણ ખબર નથી પણ ગુજરાતમાં હવે ક્યાંક કાયમી સ્થિરતા થાય એમ વિચાર છે. બાકી તો ક્ષેત્ર સ્પર્શના હશે ત્યાં હરિ લઈ જશે. ચૈત્ર મહિના સુધી તો મૌન મુદત છે. એ પછી પણ કદાચ લંબાય આખો ભાર અસ્તિત્વને સોંપી હવે નિર્ભાર થઈ ગયા છીએ. આ યાત્રામાં અનેક નામી અનામીનો સહયોગ સહકાર મળ્યો છે તે સહુનો હૃદયપૂર્વક આભાર કોઈના પણ હૃદયને અમારા વાણી, વર્તન, વિચારથી દુ:ખ પહોંચ્યુ હોય તો ક્ષમા કરશો.

**'સત્પુરુષોનું યોગબળ જગતનું કલ્યાણ કરો'- શ્રીમદ્જી**

**ॐ શાંતિ: શાંતિ: શાંતિ:**

**- નિમિત્ત માત્ર, તંત્રી**

## ડાયરી બોલે છે.

<u>**તા.૨૨/૪/૧૯**</u> વેજલપુર મમતા મંદિરમાં પહોંચ્યા. સરસ બહેરા-મુંગા-ખોડખાપણ વાળા ૫ વર્ષથી ઉપરના બાળકો-બાળાઓ બધાને નિશુલ્ક રાખે છે. સંસ્થાને અનેક એવાર્ડ મળેલા છે. બાળકોને પ્રીન્ટીંગ-ઓફસેટ, વેસ્ટમાંથી બેસ્ટ એમ કળા અને કામ કરીને રોજગારીની ટ્રેનીંગ મળે છે. સરકારી કામોના પ્રીન્ટીંગ ઓર્ડર અહિં મળે છે. સહુને આવડત મુજબ કામ મળી રહે છે અને પ્રવૃત્તિમય રહે છે. વિપુલભાઈ ટ્રસ્ટી મળ્યા. સારી વાતો થઈ. ૨૩/૪ ના ધામણ પહોંચ્યા. ગામમાં કોઈ જૈનનું ઘર છે પુછતા મોહનભાઈનું ઘર જેઠાભાઈ બતાવીને મુકી ગયા, ત્યાં નવકારશી વાપરી. એ શ્રીમદ્ રાજચંદ્રના ભક્ત નીકળ્યા. નવકારશી પછી ભક્તિ કરી. પત્રાંક ૩૧૨નો અડધો કલાક સ્વાધ્યાય-વાંચન કરીને શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમમાં ગયા ત્યાં બપોરની તથા સાંજની ગોચરી વાપરી સવારે ૫/૩૦ નીકળી વાંઝ ગાંધી વિસામોમાં પહોંચ્યા. ગામમાં દેરાસર તથા બે જૈનના ઘર છે. તેથી સવાર બપોરની ગોચરી ત્યાં થઈ ગઈ. ગુણવંતભાઈ શ્રાવક મળેલા. સાંજે સચીનમાં રામસિંહભાઈને ફોન કર્યો તે આવ્યા સત્સંગ થયો. વાંઝથી છાપરાભઠ્ઠા તો ૨૭/૨૮ કિ.મી. થાય તેથી ૨૫/૪ના સુરત શાસ્રીનગરમાં બપોરની ગોચરી વાપરી. અહિં સુરતમાં જ રહેતા રમેશભાઈ બાપાલાલ શાહ મળવા આવ્યા. સારી વાતો થઈ વરસો પહેલા કોઈ નોકરીમાં હતા. છેલ્લો પગાર ૧.૨૦ લાખનો હતો. એકાએક પત્નીને કહે મારે હવે નોકરી નથી કરવી. પત્ની કહે તમારી મરજી દસ હજાર હશે તો ઘર ચલાવી દઈશ. એમ નોકરી છોડી. ત્યાર પછી પૂ. પ્રદ્યુમનસુરીજીના 'પાઠશાળા' મેગેઝીનનું કામ સંભાળેલ અને હમણાં 'શાશ્વત ગાંધી' ના મુખપૃષ્ઠનું બીજુ તથા છેલ્લા પાના નં.૩-૪ નું એમ ગાંધીવાણી સરસ ફોટાઓ તૈયાર કરીને સહાય કરી રહ્યા છે. આમ એક સાચા સાધકનો પરિચય થયો. ગોરક્ષાપાત્ર માટે પણ મદદ કરવા તૈયારી બતાવી છે. સાંજે સી.કે. વોરાના બેન સુરત રહે છે ત્યાં નિવાસ કર્યો. એમની બે ભાણેજોએ દેરાવાસીમાં દીક્ષા લીધી છે. ત્યાંથી નીકળી ૨૬/૪ ના સવારે છાપરા ભઠ્ઠા પહોંચ્યો. રસ્તામાં એક ભાવિકે ચા પાણી રોટલીનો નાસ્તો કરાવ્યો. બક્ષીસ આપી પણ પૈસા તો આપણે લેતા નથી. છાપરાભઠ્ઠામાં ગાંધી કુટિરમાં જીમીભાઈએ બપોરની ગોચરીની વ્યવસ્થા તેમના ઘરે કરી. ગામમાં થોડા જૈન ઘરો છે તેમને ખબર પડી તો બપોરે ખાસ મળવા આવ્યા. સક્કરટેટી-લસ્સી વહોરાવી. ત્યાંથી સાંજે, નીકળી દેદાલ પહોંચ્યા. ૨૭/૪ નો આઠમનો ઉપવાસ રાખેલ સાથે મૌન રાખેલ. પાણી વાપરવાનું રાખ્યું છે. ગરમી સખ્ત પડી રહી છે. સાંજે દેદાલથી નીકળી સાંઢિયેર ગામમાં રાત્રિ મુકામ કરેલ. ૨૮/૪ ના સાંઢિયેરથી નીકળી ભાટગામ ગાંધી વિસામોમાં રોકાણ કરેલ આજે રવિવારે અમદાવાદથી જયેશભાઈ, શીખાબેન તેના માતુશ્રી જિતેન્દ્રભાઈ બાબુકાકા મળવા આવેલ. બધા રાતે ભાટગામમાં જ રોકાયેલા. પ્રાર્થના ભજન કરી થોડું વક્તવ્ય આપેલ. ૨૯/૪ ના ઉંમરાચી

પહોંચ્યા. અમદાવાદના મિત્રો પણ ભાટગામથી અહિં આવેલા. બધાએ નવકારશી-ચા નાસ્તો કરી ૧૦ વાગે મિત્રો અમદાવાદ જવા રવાના થયેલ. ઉમરાચીમાં ડીમ્પલબેન-સરપંચ રાજેશભાઈ મળેલા. ઉમરાચીમાં કીમ નદી પાર કરવાની હોય છે પણ નદીમાં ખૂબ કેમીકલ-કાદવ થઈ ગયેલ છે તેથી હવે તે રસ્તે કીમ ઓળંગવી શક્ય નથી. તેથી સ્કુટર ઉપર રાજનભાઈ રાયમા સુધી મુકી ગયેલ. ત્યાંથી ચાલતા ચાલતા વાલનર-રોહિદ-કલાય થઈ સવારે ૮/૩૦ માંગરોલ 'ગાંધી વિસામો'માં પહોંચ્યા. અહિં દાંડીયાત્રા પ્રોજેકટના મુખ્ય ડાયરેક્ટર તથા અન્ય કારોબારી સદસ્યો રૂબરૂ મળવા આવેલા'. આ અહિંસાની કસોટી છે, મારે એક ડગલુ બસ થાય, સ્વચ્છતા યજ્ઞની પત્રિકા આપેલ. સરસ વાતો થઈ. દાંડીયાત્રાની આ ફળશ્રૃતિ રહી કે ગાંધી કાર્યમાં સંલગ્ન વ્યક્તિઓનો મેળાપ થઈ રહ્યો છે. દાંડીયાત્રા પછી અમદાવાદમાં એક નાની પ્રેસ ફોન્ફરન્સ પણ બોલાવશે. ગુજરાત વિદ્યાપીઠમાં રહેવાની વ્યવસ્થા પણ થઈ જશે. આમ વાતો થયેલ. (એ પ્રમાણે અમદાવાદમાં પ્રેસ કોન્ફરન્સ પણ થયેલ.) ઉંમરાચીથી સળંગ ચાલ્યા હોત તો ૨૨ કિ.મી. થી વધારે અંતર થાત પણ રાયમાંથી માંગરોલ ૧૨ કિ.મી. ચાલવાનું થયેલ ૧૦ કિ.મી. સ્કુટર યાત્રા થયેલ). **ક્રમશ: -નિમિત્ત માત્ર, તંત્રી**

## ભારત માતા

લાંબા સમયથી મને એક પૂરી પ્રતીતિ થઈ રહી છે કે એક ગધેડો પીઠ પર કિંમતી સોનાનો ભાર વહન કરી રહ્યો હોય એવી જ દશા ભારતની છે. પોતે શું વહન કરે છે તેની ગધેડાને ખબર નથી હોતી. બસ પોતે પોતાની પીઠ પર કાંઈક ભાર ઉપાડીને ચાલતા રહેવામાં ગધેડાને સંતોષ હોય છે.

ભારતના ઝળહળાટ ભર્યા તેજસ્વી સુવર્ણ યુગમાંથી આપણે ભારે કિંમતી સ્તબ્ધ કરી દે એવો સુવર્ણસમ વારસો મેળવ્યો-કળા, સાહિત્ય, સંસ્કૃતિ, આયુર્વેદ જેવી વિજ્ઞાન શાખાઓ વગેરે અનેક ક્ષેત્રોમાં અમૂલ્ય ખજાના જેવો વારસો આપણે પ્રાપ્ત કર્યો છે. આદિ શંકરાચાર્ય એ વારસાને ''ઋષિઓએ શોધ દ્વારા પ્રાપ્ત કરેલાં મહાન આધ્યાત્મિક સત્યોનો એકઠો થયેલો ખજાનો કહે છે. રવિન્દ્રનાથ ટાગોરે કહ્યું હતું, ભારત માટે સમગ્ર વિશ્વના ગુરુ બનવાનું નિર્માણ છે.

શ્રી અરવિંદની દ્રષ્ટિએ ભારતમાતા જમીનનો ટુકડો માત્ર નથી. માભારતી તો શક્તિ સ્વરૂપા છે દેવી છે. તેમણે તો ભવિષ્યવાણી ઉચ્ચારેલી કે, ભારત વિશ્વનું નૈતિક માર્ગદર્શક બનશે અને કહેલું:

ભારતીયોને એક દ્રઢ શ્રધ્ધા હોવી જોઈએ કે ભારત ઉન્નત અને મહાન બનીને જ રહેશે, અને ભારતના ઈતિહાસમાં જે કાંઈ ઘટના બને, જે કોઈ સંકટ આવે કે જ્યારે પાછા હઠવું પડે તો એ બધી જ ઘટનાઓ ભારતની ઉન્નતિ તરફની યાત્રામાં છેવટે મદદગાર અને પોષક જ બની રહેશે. ટુંક સમયમાં પરોઢિયું પૂરૂં થતાં ક્ષિતિજ પર સૂર્યોદય થશે. ભારતના ભાગ્યનો સૂરજ ઉગશે, અને પોતાના પ્રકાશથી સમગ્ર ભારત જ નહીં, એશિયા અને સમગ્ર જગતને ઝળહળાટથી ભરી દેશે.

શોપનહેર કહે છે. 'સમગ્ર વિશ્વમાં ઉપનિષદોના અભ્યાસ જેવો કલ્યાણકારી અને ઉન્નતિકારક અભ્યાસ અન્ય કોઈ જ નથી. ઉપનિષદોનો અભ્યાસ મારાં જીવન દરમ્યાન શાંતિનો પરમસ્રોત રહ્યો છે ને અંત વખતે પણ એ પરમ વિરામસ્થાન બની રહેશે.'

રાલ્ફ વાલ્ડો ઈમર્સને તેના એક પુસ્તકમાં વૈદિક દર્શનને આ રીતે અંજલિ આપી છે: 'એમાં રાત્રિ અને ધીરગંભીર સમુદ્ર જેવી ભવ્યતા છે. એમાં કોઈપણ ઉચ્ચકક્ષાનાં કવિ-માનસમાં અવારનવાર પ્રગટતાં ધાર્મિક સંવેદનો છે, તમામ મહાન મૂલ્યો રહેલાં છે. વૈદિક સાહિત્યની ઉપેક્ષા કરવાનો કંઈ અર્થ નથી; હું જંગલમાં હોઉ પણ મને જો મારી અંદર બિરાજમાન આત્મતત્વની પ્રતીતિ હોય, તો એ ક્ષણે જ હું નૈસર્ગિક રીતે 'બ્રાહ્મણ' છું. સનાતન પૂર્ણતા, અખૂટ અને અપરંપાર રીતે ગહન શક્તિ અખંડ શાંતિ.......... બસ આ જ વેદાંત દર્શનનો મૂળ સ્વભાવ છે. વેદાંતે મને શીખવ્યું છે કે શાંતિ, પવિત્રતા અને સંપૂર્ણ ત્યાગ રૂપી અમૃતતત્વ બધાં જ પાપોને દૂર કરીને તમને આઠ દિવ્ય તત્વોનાં સૌદર્યમાં પ્રવેશ કરાવે છે...

**- 'ભારતનો અમૂલ્ય વારસો' માંથી સાભાર, લે. નાની પાલખીવાલા, અનુ. સર્વેશ પ્ર. વોરા**

## મોક્ષમાર્ગના અવરોધ

પરમકૃપાળુ શ્રીમદ્ રાજચંદ્રજી મોક્ષમાર્ગ પ્રાપ્તિના અવરોધરૂપ બે મોટા દોષ બતાવતા કહે છે કે, ''જીવના અનધિકારીપણાને લીધે તથા સત્પુરુષના યોગ વિના સમજાતું નથી.'' અહીં જીવનું કહેતા 'મારું' એમ સમજવું અને 'અનધિકારીપણું' એટલે મારામાં સત્પાત્રતા નથી એમ સમજવું. તે કેવી રીતે લાવવી? તો હું ક્રોધ કરીશ નહીં કારણ કે હું ક્ષમા સ્વરૂપી આત્મા છું. મારે છળ-કપટ

કરી પૈસા કમાવા નથી. હું પરિશ્રમપૂર્વક, ન્યાય-નીતિપૂર્વક પૈસા કમાઈશ. આમ, આવા સદ્‌ગુણો પ્રગટ કરવાં. 'સત્પુરુષના યોગ વિના સમજાતું નથી.' હવે, આપણે નિર્ણય કરવો કે આપણે વધારે ક્યાં રહેવું ? કોના સમાગમમાં રહેવું ? તો સંતોના સંગમાં રહેવું.

અધ્યાત્મયોગી એવા શ્રીકુંદકુંદસ્વામી જેવા મહાપુરુષ તો ૧૦ વર્ષની નાની વયે જ માતા-પિતાને કહે છે કે હું જાઉં છું. આપનો ખૂબ ખૂબ આભાર. આપે સંસ્કાર આપ્યા, શિક્ષણ આપ્યું, જે રીતે મને ઉછેર્યો તે બદલ આપનો મારા પર અનંત ઉપકાર છે, હું તમારી સાથે 'કિટ્ટા' નથી કરતો પરંતુ મારા આત્મકલ્યાણ માટે આપશ્રી મને રજા આપો. તમારે જ્યારે પણ મને મળવું હોય ત્યારે તમને છૂટ છે, મળવા આવી શકો છો એમ કહી ગુરુનું અનુગમન કરી ઘરેથી નીકળી ગયા. તેમને મા-બાપ પ્રત્યે કાંઈ દ્વેષ નહોતો અને આપણે ગૃહત્યાગ કરીને પછી જો એમ કહીએ કે - 'સાહેબ, હું તો મારા-બાપનું ક્યારેય મોઢું જોઈશ નહીં મને મોહ થઈ જાય તો!' 'તો ભાઈ! તારો વૈરાગ્ય સાચો નથી કારણ કે તને માતા-પિતા, ભાઈ-બહેન, પતિ કે પત્નીને જોઈને મોહ થાય છે. હા, તું એમનો અપરિચય કરે તે બરાબર છે પણ તેના માટે પણ ''અંતર મેં જાગો, અપરિચય કરો, સિર્ફ ભાગો નહિ.'' તમે ભાગીને જંગલમાં જશો તો પણ કર્મનો ઉદય તમને છોડશે નહીં. તે તો તમારી સાથે જ રહેશે. આ કથન નિશ્ચયનયની અપેક્ષાએ છે પણ આપણે નિમિત્તને આધીન છીએ એટલે કુસંગતિથી અથવા આપણને નિર્બળ બનાવે તેવા નિમિત્તોથી દૂર રહેવું. પરમ તત્વજ્ઞ શ્રીમદ્ રાજચંદ્રજી શ્રી આત્મસિદ્ધિશાસ્ત્રમાં તેના ઉત્તર રૂપે કહે છે કે, ''સર્વ જીવ છે સિદ્ધ સમ, જે સમજે તે થાય; સદ્‌ગુરુઆજ્ઞા જિનદશા, નિમિત્ત કારણ માંય.''

જો જીવ સદ્‌ગુરુની આજ્ઞાનું પાલન કરે તો તેને જિનદશા એટલે કે પરમાત્મા કેવા હોય તે સમજાય. ભગવાન તો નિમિત્તકારણ છે પણ તેઓ તો પરદ્રવ્ય છે એમ ગણી તેમનો નિષેધ કરવો નહિ. પરમ તત્ત્વજ્ઞ શ્રીમદ્ રાજચંદ્રજીએ શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર ગાથા - ૧૩૬ માં કહ્યું છે કે, ''ઉપાદાનનું નામ લઈ, એ જે તજે નિમિત્ત; પામે નહિ સિદ્ધત્વને, રહે ભ્રાંતિમાં સ્થિત.'' કોઈ એમ કહે કે 'સાહેબ હું પોતે જ આત્મા છું એટલે હું તો મારી જાતે જ આત્માનો અનુભવ કરીશ. એમાં વળી ભગવાન, સદ્‌ગુરુ કે સત્સંગ, સત્શાસ્ત્રોની શી જરૂર છે!' તો ભાઈ! ભગવાને આવું કહ્યું જ નથી. ભગવાને કહ્યું છે કે, હે ભવ્યાત્મા! તું ધીરે ધીરે વૈરાગ્યની વૃદ્ધિ કર, ધીરે ધીરે પાપોથી નિવૃત્ત થા અને સદ્‌બોધનો પરિચય કર. જો સત્‌યોગ કરવો અને પૂર્વે થયેલાં સત્પુરુષોના ચરિત્રોને યાદ કરી પોતાની વૃત્તિને અપ્રમત્ત કરવી.

શ્રીમદ્ રાજચંદ્રજીએ કહ્યું છે કે, એકલો ખેદ કરીને અટકી ન રહેતા. એટલે કે જો વિકારો થઈ જાય, ખોટા વિચારો આવી જાય કે કાંઈ ભૂલ-ચૂક થઈ જાય તો 'હવે, હું આપઘાત કરી લઉં' એવો વિચાર કરવો નહીં. તે કાંઈ યોગ્ય ઉપાય નથી. આગળ કહે છે કે એ જ વૃત્તિનું અવલંબન આત્માર્થી જીવોએ લીધું છે. પોતાનું નિર્વીર્યપણું જોઈને ઘણો જ ખેદ થાય છે અને આત્માને વારંવાર નિંદે છે, ફરી-ફરીને તિરસ્કારની વૃત્તિથી જોઈ, ફરી મહંતપુરુષોના ચરિત્ર અને વાક્યનું અવલંબન ગ્રહણ કરી, આત્માને શૌર્ય ઉપજાવી, તે વિષયાદિ સામે અતિ હઠ કરીને તેને હઠાવે છે. અહો! સત્પુરુષના વચનામૃત, અહો! સત્પુરુષની મુદ્રા, અહો! સત્પુરુષના ચરિત્રપ્રસંગો! એમ આત્માને શૌર્ય ઉપજાવે છે.

જેમ ભાંગ પીવાથી નશો ચઢે અને તલવાર હાથમાં લેવાથી શૂરવીરતા ચઢે તેમ સત્સંગ કરવાથી આપણામાં બળ આવે છે. માટે આપણે પૂર્વે થયેલા મહાપુરુષોના જીવનચરિત્રો અને વર્તમાનમાં વિદ્યમાન હોય તેવા મહાપુરુષોના દર્શન કરવા જવું, તેમનો સમાગમ કરવો અને તેમની આજ્ઞા પ્રમાણે જીવન જીવવું તો ધીરે ધીરે આપણને આધ્યાત્મિક બળ મળશે, કર્મનું બળ ઘટશે અને એક દિવસ આપણે અનંત સુખનું ધામ એવા સ્વ-સ્વભાવને પ્રાપ્ત કરીશું. એમ દીર્ઘકાળ સુધી યથાર્થ બોધબીજનો પરિચય કરવો પડશે તો કામ થશે. ચાર જ્ઞાનના ધણી એવા ઋષભદેવ સ્વામીએ ૧૦૦૦ વર્ષ તપ કર્યુ ત્યારે કેવળજ્ઞાન થયું. ભગવાન મહાવીર પણ ચાર જ્ઞાનના સ્વામી હતા. તેમણે પણ ૪૫૧૫ દિવસ મૌન પૂર્વક જ્ઞાન, ધ્યાન, વૈરાગ્ય અને તપસ્યામાં રહીને પૂર્ણપદ પ્રાપ્ત કર્યુ, તો આપણી તો વાત જ શી? આપણે પણ સાધનામાર્ગમાં ધીરજ રાખવી જોઈએ. શબરીએ ૪૮ વર્ષ ધીરજ રાખી હતી. શ્રીમદ્ રાજચંદ્રજીએ ૧૬ વર્ષ ધીરજ રાખી હતી તો આપણે પણ વારંવાર પ્રાર્થના કરવી. મહાપુરુષોના જીવન-ચરિત્રો વાંચવાં, તેમનો સમાગમ કરવો, તેમની આજ્ઞા પ્રમાણે જીવનને દિશા આપવી તો ધીરે-ધીરે અનાદિકાળના કુસંસ્કારો-વાસનાઓનો ક્ષય થશે અને પરમ આનંદના ધામ એવા સહજ ચૈતન્યસાગરનો અનુભવ થશે. - **સંતશ્રી આત્માનંદજી**

## ગાવો વિશ્વસ્ય માતર઼:

## ખેડૂતોના કલ્યાણ માટેનો એક પ્રયોગ

બેંગલુરુ અને મૈસુરને જોડતા હાઈવે પર ઑર્ગેનિક માંડ્યા સ્ટોર આવેલો છે. આ સ્ટોરમાં એક ખેડૂતે ટામેટાં અને મરચાંનો થેલો મૂક્યો. ત્યાંના હિસાબનીશે વજન કરીને રકમ આપી. ખેડૂતે આ રકમ ખિસ્સામાં મૂકી અને ત્યાંથી બહાર નીકળ્યો. આ સમગ્ર ઘટનાક્રમ માત્ર પાંચ-છ મિનિટમાં જ બન્યો. ન કોઈની રાહ જોવાની, ન કોઈ મધ્યસ્થી કે ન ભાવની કશી રકઝક! પરંતુ માંડ્યા ગામમાં ત્રણ વર્ષ પહેલાં આવી પરિસ્થિતિ નહોતી. બેંગલુરુથી સો કિમી. દૂર આવેલા માંડ્યાની વતની મધુચંદન ચિક્કાદેવૈયાહ ખેડૂતોની દુર્દશાથી હંમેશા વ્યથિત રહેતા હતા. મધુચંદનનું બાળપણ બેંગલુરુની ત્રણસો એકરમાં ફેલાયેલી યુનિવર્સિટી ઑફ એગ્રીકલ્ચરમાં વીત્યું હતું, કારણ કે તેના પિતા યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર હતા અને ત્યાંથી નિવૃત્ત થયા. મુધુચંદન સોફ્ટવેર એન્જિનિયર થઈને અમેરિકા ગયા, ત્યાં કેલિફોર્નિયાની વેરિફ્યા નામની કંપનીમાં નોકરી કરી. એમણે જે ઈચ્છ્યું હતું તે મેળવ્યું. આ બધું હોવા છતાં તેમનાં મૂળિયા માંડ્યા ગામ સાથે જોડાયેલા હતા અને દિલથી તે ખેડૂત જ રહ્યા હતા.

નિવૃત્તિ પછી વતનમાં આવીને કામ કરવાની રાહ જોવાને બદલે પતિ-પત્ની બધું છોડીને ૨૦૧૪માં માંડ્યા ગામમાં આવીને વસ્યા અને ખેડૂતોના કલ્યાણ માટે કામ શરૂ કર્યું. તેણે જોયું કે માંડ્યામાં જમીન છૂટીછવાઈ છે. કેટલાક ખેડૂતો ઑર્ગેનિક ખેતી કરતાં હતાં. બધા વચ્ચે માહિતીની આપ-લે કે વ્યવસ્થિત બજારનો અભાવ હતો, તેથી મધુચંદને સૌપ્રથમ મિત્રો અને અન્ય લોકો સાથે ભેગા મળીને એક કરોડ રૂપિયા એકત્રિત કર્યા અને માંડ્યા ઑર્ગેનિક ફાર્મર્સ કો-ઓપરેટીવ સોસાયટીને રજીસ્ટર્ડ કરાવી. તેમાં પ્રથમ તબક્કામાં ૨૪૦ ખેડૂતો જોડાયાં. એનાં ઉત્પાદનો ઑર્ગેનિક માંડ્યા સ્ટોરમાં વેચવા માટે મૂક્યાં. ઑર્ગેનિક ઉત્પાદનો વેચાતાં હતાં, પરંતુ મધુચંદનનું  માનવું હતું કે ખેડૂતો સીધા જ ગ્રાહકોને વેચે, કારણ કે જ્યાં સુધી ગ્રાહકોને ખેડૂતની મહેનતનું મૂલ્ય નહીં સમજાય અને ખેડૂતને ગ્રાહકની પ્રાથમિકતા શું છે તેની ખબર નહીં પડે ત્યાં સુધી તેના ઉત્પાદનો પ્રચલિત નહીં થાય. તેથી એમણે ઑર્ગેનિક માંડ્યા સ્ટોરની બાજુમાં એક રેસ્ટોરન્ટ કરી, જેથી લોકો હાઈવે પર નાસ્તો કરવા રેસ્ટોરન્ટમાં આવે અને દુકાનમાંથી કંઈક ખરીદતા જાય, પરંતુ થોડા જ વખતમાં બન્યું એવું કે લોકો દુકાનમાં પહેલાં ખરીદવા જતા અને પછી નાસ્તો કરતા હતા.

મધુચંદને ઑર્ગેનિક ટુરીઝમ વિકસાવ્યું છે, જેમાં તેઓએ 'સ્વેટ (મહેનત કરી પરસેવો પાડવો) ડોનેશન કેમ્પેઈન' શરૂ કર્યું. વીસ ટકા ખેડૂતો એવા હતા કે તેમને સમયસર મજૂર ન મળવાથી નુકસાન થતું હતું. કેટલાંક ખેડૂતો મજૂરી ચૂકવી શકતા નહીં, તેથી ફેસબુક પેજ પર અપીલ કરી અને ચોવીસ સ્વયંસેવકોએ અડધા દિવસમાં શ્રમદાન કરીને ખેતર ખેડી આપ્યું. આ કેમ્પેઈન અંતર્ગત બેંગલુરુમાંથી એક હજાર સ્વયંસેવકો કામ કરે છે, જેમાં કૉલેજના વિદ્યાર્થીથી માંડીને નિવૃત્ત દંપતી પણ જોવા મળે. બીજું મહત્ત્વનું કામ ખેતરમાં અડધાથી બે એકર જેટલી જમીન ત્રણ મહિનાના પાંત્રીસ હજાર લેખે ભાડે આપવાનું શરૂ કર્યું. આ પેકેજમાં કોઈ કુટુંબ આઠ-નવ રાત્રિ ખેતર પર રહી શકે અને ખેતી કરી શકે. એમની ગેરહાજરીમાં માંડ્યાનો ખેડૂત તેની દેખરેખ રાખે અને જ્યારે પાક તૈયાર થાય, ત્યારે ખેતર ભાડે રાખનાર કુટુંબે નક્કી કરવાનું હોય છે કે તે ખેતપેદાશો એમણે વાપરવી છે કે બજારમાં વેચી નાખવી છે. આ રીતે ખેડૂતને આવક મળતી રહે અને શહેરના લોકોને ખેતી કરવાનો આનંદ મળે છે.

આ ઉપરાંત કોઈ કંપની તેના કર્મચારીને એક દિવસ માટે ખેતીની આખી પ્રક્રિયા બતાવવા લાવી શકે, અને અનોખા વાતાવરણનો અનુભવ કરે. એક દિવસના તેરસો રૂપિયા લેખે આવક પણ થાય. આજે મધુચંદનની કો-ઑપરેટિવ સોસાયટીમાં પાંચસો ખેડૂતો છે, જેમની બસો એકર જમીન પર સિત્તેરથી વધુ ઉત્પાદનો મળી રહ્યાં છે. મધુચંદને કંપની શરૂ કર્યાના ચાર મહિનામાં જ તેની આવક એક કરોડને આંબી ગઈ છે. ઓનલાઈન ઑર્ડર લઈને ઘરે ડિલીવરી કરવામાં આવે છે. તેઓ કહે છે કે, દવા અને હોસ્પિટલ પાછળ હજારો રૂપિયા ખર્ચનારા લોકો ઑર્ગેનિક અનાજ માટે થોડા વધુ પૈસા ખર્ચવા કેમ તૈયાર થતા નથી? હું એમને કહું છું કે તમે એક વર્ષ આ ઉત્પાદનો ખાવાનો પ્રયોગ કરો અને પછી મને કહેજો કે દવાના કેટલા બધા પૈસાની બચત થાય છે!'

તેમની નજર ભવિષ્યના ટકાઉ વિકાસ પર રહેલી છે અને તે પણ ખેડૂતો અને ગ્રાહકો બંનેના! આશરે સત્તાવન જેટલા ખેડૂતો પોતાની જમીન પર પાછા ફર્યા છે. એને મધુચંદન પોતાની સૌથી મોટી સફળતા માને છે. ૨૦૨૦ સુધીમાં માંડ્યા જિલ્લો સંપૂર્ણ ઑર્ગેનિક ખેતી કરતો થાય તેવું તેમનું લક્ષ્ય છે.

**- પ્રીતિ શાહ, ગુજરાત સમાચાર**

## સુવિચાર

બર્તન સે પૂરી તરહ પોંછ કર ખાના ખાને વાલે એક બાલક કે દોસ્ત ઉસકા રોજ મજાક ઉડાતે થે. એક ને ઉસ બાલક સે પૂછા- ''તુમ રોજાના બર્તન મેં એક કણ ભી ક્યોં નહી છોડતે?'' ''બાલક બોલા ઈસકે ૩ કારણ હૈ.'' ૧.યહ મેરે પિતા કે પ્રતિ આદર હૈ, જો ઈસ ભોજન કો મેહનત સે કમાએ રૂપયોં સે ખરીદ કર લાતે હૈં. ૨. યે મેરી માઁ કે પ્રતિ આદર હૈ જો સુબહ જલ્દી ઉઠકર બડે ચાવ સે ઈસે પકાતી હૈ. ૩. યહ આદર મેરે દેશ કે ઉન કિસાનો કે પ્રતિ હૈ, જો ખેતો મેં ભૂખે રહકર કડી મેહનત સે ઈસે પૈદા કરતે હૈં. ઈસલિએ થાલી મેં ઝુઠા છોડના અપની શાન ના સમઝેં.

ખાના ખાઓ મનભર... ના છોડો કણભર...
ઉતના હી લે થાલી મેં... વ્યર્થ ના જાએ નાલી મેં...

## વિનોબા વિચાર

''બિના સેવા કે જ્ઞાન-પ્રાપ્તિ નહીં હોતી. ઉસકે લિએ નમ્રતા, જિજ્ઞાસા ઔર સેવા ચાહિએ. મૈંને એક સૂત્ર બના લિયા હૈ, સેવા વ્યક્તિ કી, ભક્તિ સમાજ કી. વ્યક્તિ કી ભક્તિ મેં આસક્તિ બઢતી હૈ, ઈસલિએ ભક્તિ સમાજ કી કરની ચાહિએ. લેકિન હમ સમાજ કી સેવા કરના ચાહેં તો ભી કુછ નહીં કર સકતે. સમાજ તો એક કલ્પનામાત્ર, અપ્રત્યક્ષ, અવ્યક્ત વસ્તુ હૈ ઔર સેવા પ્રત્યક્ષ વસ્તુ કી હી હો સકતી હૈ. માતા કી સેવા કરનેવાલા લડકા દુનિયાભર કી સેવા કરતા હૈ, યહ મેરી ધારણા હૈ.

એસે મૈં ખુદ વૈયક્તિક સેવા કો માનનેવાલા વ્યક્તિ હૂં. ચંદ અસાધારણ વ્યક્તિયોં કો છોડ દેં, તો બાકી હમ સાધારણ લોગોં કે લિએ દો-ચાર વ્યક્તિયોં કી સેવા કરના હી સંભવનીય હૈ. કુછ મહાન વ્યક્તિ બાદલ કે સમાન સબ પર વર્ષા કર સકતે હૈં ઔર ઉનકે દ્વારા સભી કી સેવા હોતી હૈ. પરંતુ ઉન મહાપુરુષોં કા જીવન દેખેંગે, તો પતા ચલેગા કિ વે ભી વ્યક્તિયોં કી સેવા કરતે-કરતે હી બડે હુએ હૈં. જબ મનુષ્ય વ્યક્તિયોં કી સેવા કરતે હુએ ખુદ કો નિરહંકાર, શૂન્ય બના દેતા હૈ, તબ ઉસે સમાજ કી ઓર સે બોલને કી યોગ્યતા પ્રાપ્ત હોતી હૈ. ઈસા મસીહ અપને જીવન કે પહલે તીસ સાલ નિજી સેવા મેં થે. બાદ કે દો હી સાલ કા ઉનકા સાર્વજનિક જીવન રહા. પરંતુ ઉતને મેં ઉન્હોંને પ્રચંડ કાર્ય કિયા. શુદ્ધચિત પુરુષ કી અલ્પતમ હલચલ સે ભી જો કાર્ય હોગા, વહ ઔરોં કે શતજન્મોં સે નહીં હોગા, યહ મેરા વિચાર ઉત્તરોત્તર દ્રઢ હો રહા હૈ.'' **- વિનોબા**

## દીવાલી

તુમ બાહરકી દીવાલિયા બહુત મના ચુકે, અબ ભીતરકી દીવાલી મનાઓ. વહાં અંધેરા તોડના હૈ, ઔર વહાં અંધેરા ટૂટ સકતા હૈ. તુમ હકદાર હો તોડનેકે. તુમ્હારા અધિકાર હૈ તોડના. ન તોડો, તો તુમ્હારે અતિરિક્ત ઔર કોઈ જિમ્મેવાર નહીં. કિસી ઔરકી શિકાયત મત કરના, ઔર કિસી ઔર પર દાયિત્વ મત ટાલના કિ ઐસા હો ગયા, વૈસા હો ગયા, ઈસલિએ ન તોડ પાયે, કિ એસી પરિસ્થિતિ ન બની ઈસલિએ નહીં તોડ પાય. પરિસ્થિતિ રોજ બન રહી હૈ તોડને કી, તુમ ઝુઠલાયે જાતે હો, ઈંકાર કિયે જાતે હો પરિસ્થિતિકી, તુમ્હારે દ્વાર પર ભી બુદ્ધોંને દસ્તક દી હૈ. ઔર તુમ્હારે દ્વાર પર ભી ગોરખને અલખ જગાયી હૈ. તુમ સુનતે હી નહીં. મરો, હે જોગી મરો. **- ઓશો**

## અભ્યાસ જાગ્યા પછી

અભ્યાસ જાગ્યા પછી બહુ ભમવું નહીં
ને ન રહેવું ભેદવાદીની સાથ રે
કાયમ રહેવું એકાંતમાં
ને માથે સદગુરુજીનો હાથ રે...અભ્યાસ જાગ્યા પછી
તીરથ વ્રત પછી કરવા નહીં
ને ન કરવા સદગુરુના કામ રે,
એવી રે ખટપટ છોડી દેવી
જ્યારે જણાય માંહ્યલાનો મરમ...અભ્યાસ જાગ્યા પછી
હરિમય જ્યારે આ જગતને જાણ્યું
ત્યારે પ્રપંચથી રહેવું દુર રે,
મોહ સઘળો પછી છોડી દેવો
ને હરિને ભાળવા ભરપૂર રે...અભ્યાસ જાગ્યા પછી
મંડપ ને મેળા પછી કરવા નહીં
એ છે અધૂરિયાનાં કામ રે,
ગંગા સતી એમ બોલિયા પાનબાઈ
ભાળવા હોય પરિપૂર્ણ રામ રે...અભ્યાસ જાગ્યા પછી

**- ગંગા સતી, પ્રેષક : કિર્તી મહેતા**

## લવાજમ મળેલ છે.

| | | |
|---|---|---|
| ૧. ડો. નરેન્દ્ર ભાવસાર | મહેસાણા | રૂ.૨૦૦/- |
| ૨. નામ નથી | | રૂ.૧૦૦/- |
| ૩. નામ નથી | | રૂ.૧૦૦૦/- |

જેમણે પણ ONLINE થી પૈસા ભર્યા હોય તેમણે પોતાનું નામ, સરનામું, ગ્રાહક નંબર વગેરે પોસ્ટકાર્ડથી અથવા WHAT'S APP નં. 9323412471 પર જણાવવું.

**- સંપાદક**

## સ્વમૂલ્યાંકન

અગિયારેક વરસનો એક છોકરો પરદેશના એક સ્ટોરમાં દાખલ થયો. દુકાનદાર સાથે નમ્રતાથી વાત કરીને સિક્કાવાળો ફોન વાપરવાની મંજૂરી માગી. દુકાનદારે હા પાડી. છોકરાના હાથ મેલા અને ખરાબ હતા એટલે એ સ્પીકર ફોન પર વાત કરતો હતો. અન્ય કોઈ ગ્રાહક એ સમયે સ્ટોરમાં હાજર ન હોવાથી દુકાનદાર એની વાત ધ્યાનથી સાંભળી રહ્યો હતો. સામા છેડે કોઈ સ્ત્રી વાત કરી રહી હતી.

છોકરાએ કહ્યું, 'મૅડમ! તમે મને તમારી લૉન કાપવાનું કામ આપી શકો ખરાં?' સામે છેડેથી સ્ત્રીનો અવાજ આવ્યો, 'નહીં ભાઈ! લૉન કાપવા માટે મેં માણસ રાખી લીધેલ છે.' છોકરો બોલ્યો, 'મૅડમ! અત્યારે તમારે ત્યાં જે કોઈ કામ કરતું હોય એના કરતાં અડધી કિંમતે હું લૉન કાપી આપીશ!' સામે છેડેથી સ્ત્રીએ કહ્યું, 'ના ભાઈ! હાલ મારી લૉન કાપવાનું કામ જે કરે છે તેનાથી મને કોઈ જ ફરિયાદ નથી!' છોકરાએ કહ્યું, 'મૅમ! લૉન કાપવાની જોડાજોડ હું તમારો રસ્તો પણ વાળી આપીશ અને એ પણ કોઈ વધારાના ચાર્જ વગર!'

પેલી સ્ત્રીએ જવાબ આપ્યો, 'ના ભાઈ! આભાર! મારે હમણાં બીજી કોઈ વ્યક્તિની જરૂર નથી! મારા રોકેલા માણસથી મને પૂરો સંતોષ છે.' આટલી વાતચીત પતાવીને ખુશખુશાલ ચહેરે એ બાળકે ફોનનું સ્પીકર બંધ કર્યું. દુકાનદારનો ફરી એકવારઆભાર માનીને એ બહાર જવાની તૈયારી કરતો હતો.

R.N.I. No.MAHGUJ / 2002 / 9750

એ જ વખતે દુકાનદારે એને પાસે બોલાવ્યો. એની બધી વાતચીત સાંભળીને એ પણ ખુશ થઈ ગયો હતો. પેલી સ્ત્રીએ કામ આપવાની ના પાડી તોપણ છોકરાના ચહેરા પર નિરાશાની કોઈ રેખા નહોતી આવી કે જરાય ઉદાસ પણ નહોતો થયો. ટૂંકમાં એની એ ખુમારી એને સ્પર્શી ગઈ હતી.

છોકરો પાસે આવ્યો એટલે દુકાનદારે કહ્યું, 'દીકરા! પેલી સ્ત્રીએ કામ આપવાની ના પાડી તોપણ તું ખુશ રહી શક્યો એ વાત જ મને ખૂબ સ્પર્શી ગઈ છે. એણે ભલે ના પાડી, પરંતુ હું તને કામ આપવા તૈયાર છું. બોલ, મારે ત્યાં કામ કરીશ?'

પેલા છોકરાએ હસતાંહસતાં ના પાડી.

દુકાનદારને અત્યંત નવાઈ લાગી. એણે કહ્યું, 'પણ દીકરા! હમણાં તો તું પેલી સ્ત્રીને કામ માટે રીતસરની આજીજી કરી રહ્યો હતો! કામ નહોતું જોઈતું તો પછી એવું શા માટે કરતો હતો?'

છોકરો હસતાંહસતાં બોલ્યો, 'નહીં સર! હું જ એ મૅડમને ત્યાં કામ કરું છું. આ તો મારું કામ કેવું છે એ તપાસવા માટે જ મેં એમને ફોન કરેલો! જેથી કરીને મારા અંગે મને ખયાલ આવે!' દુકાનદારને એક નિર્દોષ સ્મિત આપીને એણે વિદાય લીધી. દુકાનદાર એને જતો જોઈ રહ્યો અને ક્યાંય સુધી એ છોકરાની સ્વમૂલ્યાંકનની રીતને બિરદાવતો રહ્યો!

**- ડૉ. આઈ. કે. વીજળીવાળા, જેસ્પા માંથી**

---

**Post Registration No. MNW/277/2018-2020**
**RNI No. MAHGUJ/2002/9750**

**Posted at Liberty Garden, P.O.**
**on 5th or 6th of every month.**

**ગોરક્ષા પાત્ર વતી માલિક, મુદ્રક, પ્રકાશક અને સંપાદક**
**શ્રી રમેશ શામળજી દોશી (નિમિત માત્ર),**
**બી/૬૦૧, નંદનવન, નરસિંગ લેન, ડી.એસ. નગર,**
**મલાડ (પ.), મુંબઈ-૬૪. મો.નં.: ૯૩૨૩૪૧૨૪૭૧**
**Email: doshir65@gmail.com**
**સંપાદક મંડળ : શ્રી શાંતિલાલ ગડા, શ્રી મનોજ રાજગુરુ**
**Web: www.gorakshapatra.org.**
**મુદ્રણ સ્થળ : ગોગરી ઓફસેટ, વાગરી પાડા, એ.કે. રોડ,**
**અંધેરી (ઈ), મુંબઈ - ૪૦૦ ૦૬૯.**
**પ્રેરક : સત્પુરૂષોની પ્રેરણા અને આશીષ.**

**"Licence to Post Without Pre Payment"**
**WPP-Lic. No. MR/Tech/WPP-330/NW/2019**



ગોરક્ષા પાત્ર
**ગાય બૈલ બચેંગે**
**દેશ બચેગા**

**To,**